**આજનો સુવિચાર**

એટલું અભિમાન ન હોવું જોઈએ કે કોઈની જરૂર ન પડે અને એવો વહેમ પણ ન હોવો જોઈએ કે મારી જરૂર બધાને પડશે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૬૬ જૂનાગઢ તા.૩૦-૬-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 166, Junagadh : Date : 30 Jun, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# જૂનાગઢ જળબંબાકાર : ૨૮ કલાકમાં સાંબેલાધારે ૧૪ ઈંચ વરસાદ ખાબકયો

## જૂનાગઢને પાણી પુરૂ પાડતા વિલિંગ્ડન અને આણંદપુર ડેમ ઓવરફલો : હસનાપુર ડેમ ઓવરફલો થવાની તૈયારીમાં : નીચાણવાળા ગામોને સાવચેત કરાયા : ગીરનાર-દાતાર જંગલ વિસ્તારમાંથી નીકળતી નદીઓ, સોનરખ, કાળવો, ગુડાજલી, લોલ નદીમાં ઘોડાપુર : તમામ ચેકડેમ ઓવરફલો : જંગલ વિસ્તારમાં અતિભારે વરસાદ : જૂનાગઢરનાં માર્ગો પર નદીની જેમ પાણીનો ધસમસતો પ્રવાહ : નીચાણવાળા વિસ્તારો અને સોસાયટીઓમાં પાણી ભરાયા : જૂનાગઢ જીલ્લામાં વરસાદનાં પ્રથમ રાઉન્ડમાં જ ૪૫ ટકા વરસાદ પડી ગયો





જૂનાગઢ તા. ૩૦

પહેલા વાવાઝોડાનો માર અને હવે અતિભારે વરસાદ... જૂનાગઢ અને સોરઠવાસીઓ ઉપર કુદરત જાણે રૂઠી હોય તેમ સતત કુદરતી આફતો આવી રહી છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ ગઈકાલે સવારનાં ૬ વાગ્યાથી આજે બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં જૂનાગઢ શહેરમાં સાંબેલાધારે ૧૪ ઈંચ વરસાદ ખાબકયો છે અને હજુ પણ વરસાદ ચાલુ છે.

જૂનાગઢ જીલ્લામાં વરસાદનાં પ્રથમ રાઉન્ડમાં જ સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જૂનાગઢ શહેરમાં વરસાદનાં પ્રથમ રાઉન્ડમાં જ ૫૪ ટકા એટલે કે અડધાથી વધુ વરસાદ પડી ચુકયો છે. જયારે સમગ્ર જીલ્લાનાં ૧૦તાલુકામાં વરસાદની સરેરાશ ૪૫ ટકા થઈ ગઈ છે. જેના પરથી વરસાદની તિવ્રતાનો ખ્યાલ આવે છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ અનુસાર ગઈકાલ સવારનાં ૬ કલાકથી આજે સવારનાં ૬.૦૦ કલાક સુધી એટલે કે છેલ્લા ૨૪ કલાકમાં દરમ્યાન જૂનાગઢ શહેર તાલુકામાં ૨૬૩ મી.મી. (૧૦.૫ ઈંચ) વરસાદ નોંધાઈ ચુકયો હતો. જયારે સવારથી બપોરનાં ૧૨ વાગ્યા સુધી વધુ ૧૧ મી.મી. વરસાદ નોંધતા આ લખાય રહયું છે ત્યાં સુધીમાં સાંબેલા ધારે ૧૧ ઈંચ વરસાદ ખાબકયો છે. જયારે જૂનાગઢ જીલ્લાનાં અન્ય તાલુકાની સ્થિતિ જોઈએ તો જૂનાગઢ જીલ્લામાં સૌથી વધુ વરસાદ મેંદરડા ખાતે ૧૬૩ (૬.૫ ઈંચ), ભેસાણ ૧૪૬ (૬ ઈંચ), વિસાવદર ૧૫૧ (૬ ઈંચ), વંથલી ૧૨૧ મી.મી. (૫ ઈંચ), માળીયા હાટીના ૯૦ મી.મી. (૩.૫ ઈંચ), કેશોદ ૭૦ મી.મી. (૩ ઈંચ), માંગરોળ ૬૬ મી.મી. (૨.૫ ઈંચ) અને માણાવદર ખાતે ૫૪ મી.મી. (૨ ઈંચ વરસાદ નોંધાયો છે. આમ જૂનાગઢ જીલ્લાનાં તમામ તાલુકામાં શ્રીકાર વરસાદ નોંધાયો છે. જૂનાગઢ શહેર ઉપરાંત ગીરનાર પર્વત વિસ્તારમાં પણ અનરાધાર વરસાદ વરસી રહયો છે. ગીરનાર અને દાતાર જંગલ વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદને પગલે ડુંગરમાંથી નીકળતી નદીઓ સોનરખ, કાળવો, ગુડાજલી, લોલ નદીમાં ઘોડાપુર આવ્યા છે. તમામ નદી નાળા, ચેકડેમ ઓવરફલો થઈ ગયા છે. જયારે જૂનાગઢ શહેરનો વિલિંગ્ડન ડેમ, આણંદપુર ડેમ ઓવરફલો થઈ ગયા છે. જયારે હસનાપુર ડેમ ઓવરફલો થવાની તૈયારીમાં છે. ગીરનાર જંગલ વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદને પગલે હસનાપુર ડેમ ગમે ત્યારે ઓવરફલો થવાની સ્થિતિ હોય ડેમ વિસ્તારનાં નીચાણવાળા વિસ્તારમાં આવેલા ગામો બામણગામ, ડેરવાણ, બલીયાવડ, સાબલપુર, સરગવાડા, વીરપુર ગામો સાવચેત કરવામાં આવ્યા છે અને નદીનાં પટમાં કે કાંઠા વિસ્તારમાં અવર જવર નહી કરવા સુચના આપવામાં આવી છે.

જૂનાગઢ શહેર જીલ્લામાં હજુ ચાર દિવસ ભારે થી અતિભારે વરસાદની આગાહી છે. સિંચાઈ વિભાગનાં જણાવ્યા મુજબ જૂનાગઢ જીલ્લાનાં વંથલી તાલુકાનાં ખોરાસા (આહીર) ગામ પાસે આવેલ સાવલી જળાશય યોજનામાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે પાણીની આવક વધતા સાવલી ડેમનાં બે દરવાજા ૦.૩૦ મીટર ખોલવામાં આવેલ છે જેથી ડેમનાં નીચાણવાસમાં આવતા ગામો વંથલી તાલુકાનાં ખોરાસા, સોંદરડા અને કેશો તાલુકાનાં મઘરવાડા, ડેરવાણ અને માણેકવાડા ગામને સાવચેત કરવામાં આવ્યા છે અને સંબંધિત તમામ અધિકારીઓને જરૂરી પગલા ભરવા સુચનાઓ આપવામાં આવી છે. જૂનાગઢ સિંચાઈ વિચાગ હસ્તકનાં ૨૯ ડેમો પૈકી તમામ ડેમોમાં નવા નીરની આવક થઈ રહી છે અને સાવચેતીનાં પગલા ભરવામાં આવી રહયા છે.

# જૂનાગઢ મનપાનાં નિંભર તંત્રનાં વાંકે શહેરનાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા : લોકો ભારે મુશ્કેલીમાં








## જૂનાગઢ શહેરમાં સતત પડી રહેલા અતિભારે વરસાદે તંત્રનાં દાવાઓની પોલ ખોલી નાખી : ચુંટાયેલા પ્રતિનિધિઓને પણ ધોઈ નાખ્યા

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢ શહેરમાં છેલ્લા ૨૮ કલાકથી પડી રહેલા ભારે વરસાદે તંત્રની અને પ્રિ-મોન્સુન કામગીરીનાં પોકળ દાવાઓની પોલ ખોલી નાખી છે. સતત પડી રહેલા અતિભારે વરસાદને કારણે શહેરનાં માર્ગોની સાથે ચુંટાયેલા પ્રતિનિધિઓ, કાઉન્સીલરો, અધિકારીઓ, ધારાસભ્યો અને પદાધિકારીઓને પણ ધોઈ નાખ્યા છે. જૂનાગઢ શહેરમાં ૧૪ ઈંચ વરસાદ ખાબકતા સમગ્ર શહેર પાણી પાણી થઈ ગયું છે. શહેરનાં નીચાણવાળા વિસ્તારોમાં અને સોસાયટીઓમાં ગટરની સાથે વરસાદી પાણી ઘુસી જતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને જૂનાગઢ મહાનગરપાલિકાનાં નિંભર તંત્ર વાહકો સામે ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે જેને ખોબે-ખોબે મત આપ્યા હતા તેવા ચુંટાયેલા પ્રતિનિધિઓ કયાંય દેખાતા નથી. મહાનગરપાલિકાનાં અધિકારીઓ એસી ઓફીસમાં બેસીને સમય પસાર કરી રહયા છે. જયારે બીજી તરફ પ્રજાનો ખો નીકળી રહયો છે. પ્રિ-મોન્સુન કામગીરીની પોલ વરસાદનાં પહેલા રાઉન્ડમાં જ ખુલી ગઈ છે. શહેરનાં મોટાભાગનાં રસ્તાઓ તુટી ગયા છે.

ચોમાસા પહેલા રસ્તાઓ રીપેર કરવાની જરા પણ દરકાર કરવામાં આવી નથી. જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં દરરોજ અકસ્માતની ઘટનાઓ બને છે. વાહનો ફસાઈ જાય છે નિર્દોષ માણસોનાં મૃત્યુની ઘટનાઓ પણ બને છે તેના માટે તંત્ર અને ચુંટાયેલા પ્રતિનિધિઓ જવાબદાર છે. એસી ચેમ્બરમાં બેસીને ફોટો સેશન સિવાય કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. નિવેદનીયા નેતાઓ નિવેદન કરીને સંતોષ માની લે છે. બ્યુટીફીકેશનનાં નામે શહેરની સુવિધાઓનો કચ્ચરઘાણ વાળી નાખ્યો છે.

જૂનાગઢ શહેરનાં ઝાંઝરડા અન્ડર બ્રિજ, જોષીપરા અન્ડરબ્રીજ ખાતે પાણી ભરાઈ જતાં અનેક વાહનો ફસાયા હતા અને વાહનવ્યવહાર અટકી પડયો છે. જૂનાગઢ શહેરનાં ઓજી વિસ્તારમાં મોટાભાગની સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા છે. દુર્વેશનગર, જલારામ સોસાયટી, મહેશનગર, ખલીલપુર ચોકડી, હર્ષદનગર, નંદનવન, જોષીપરા, સરદાર પરા, મોતીબાગ વિસ્તાર, કસ્તુરબા સોસાયટી, દુબડી પ્લોટ, દાતાર રોડ, જયશ્રી રોડ ખાતે ગોઠણડુબ પાણી ભરાયા છે. લોકોની ઘરવખરી પલળી ગઈ છે. ભારે વરસાદને પગલે શહેરનાં મોટાભાગનાં લોકોએ આખીરાત જાગીને વિતાવી હતી અને હજુ પણ અનરાધાર વરસાદ ચાલુ છે ત્યારે પરિસ્થિતિ વધુ ખરાબ થવાની છે ત્યારે તંત્ર પાસે કોઈ એક્શન પ્લાન જ નથી અને જાહેર જનતા ભગવાન ભરોસે મુકાઈ ગઈ છે.

# આગામી ચોમાસુ સત્રમાં જ સમાન નાગરીક ધારો બીલ લાવવા તૈયારી

નવી દિલ્હી, તા. ૩૦

૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા કેન્દ્રની મોદી સરકાર યુનિફોર્મ સિવિલ કોડને લઈને મોટો દાવ રમવા જઈ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર આગામી ચોમાસુ સત્રમાં સંસદમાં સમાન નાગરિક સંહિતા બિલ રજૂ કરી શકે છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારે સંસદના ચોમાસુ સત્રમાં સમાન નાગરિક સંહિતા બિલ લાવવાની તૈયારી કરી લીધી છે. યુનિફોર્મ સિવિલ કોડ કાયદા સાથે સંબંધિત બિલ સંસદીય સમિતિને પણ મોકલી શકાય છે.

યુનિફોર્મ સિવિલ કોડ અંગે સાંસદોના અભિપ્રાય જાણવા માટે ૩ જુલાઈએ સંસદીય સ્થાયી સમિતિની બેઠક બોલાવવામાં આવી છે. આ મુદ્દે લો કમિશન, લીગલ અફેર્સ ડિપાર્ટમેન્ટ અને લેજિસ્લેટિવ ડિપાર્ટમેન્ટના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા છે. યુનિફોર્મ સિવિલ કોડ પર સામાન્ય લોકો પાસેથી સૂચનો માંગવાના મુદ્દે કાયદા પંચ દ્વારા ૧૪ જૂને આ ત્રણ વિભાગોના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા છે.

યુનિફોર્મ સિવિલ કોડમાં તમામ ધર્મો માટે એક કાયદાની વ્યવસ્થા હશે. દરેક ધર્મનો પોતાનો વ્યકતિગત કાયદો છે, જેમાં લગ્ન, છૂટાછેડા અને મિલકતો માટેના પોતાના કાયદા છે. યુસીસીના અમલીકરણ સાથે, તમામ ધર્મોમાં રહેતા લોકોના કેસ માત્ર નાગરિક નિયમો દ્વારા જ હાથ ધરવામાં આવશે. UCC લગ્ન, છૂટાછેડા, દત્તક, ઉત્તરાધિકાર અને મિલકત અધિકારો સંબંધિત કાયદાઓને સુવ્યવસ્થિત કરવા માટે છે.

## ભારે વરસાદને પગલે અમદાવાદનાં ગોમતીપુરમાં બિલ્ડીંગ ધરાશયી : ૩૦ થી વધુ લોકો ફસાયા

અમદાવાદ તા. ૩૦ : અમદાવાદ શહેરમાં ગઈ કાલે ભારે વરસાદ પડ્યો હતો અને આજે સવારથી જ વરસાદી માહોલ સર્જાયો છે ત્યારે શહેરના ગોમતીપુરમાં આવેલી એક બિલ્ડીંગ ધરાશાઈ થવાના સમાચાર મળી રહ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ બિલ્ડીંગમાં અનેક લોકો ફસાયા હોવાની આશંકા લગાવાઈ રહી છે. અમદાવાદ શહેરમાં જર્જરિત થયેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના જુના સ્લમ ક્વાટર્સના બ્લોકની ગેલેરીનો ભાગ ધરાશાયી થયો હતો ત્યારે આજે આવી જ એક ઘટના બની છે જેમા એક બિલ્ડીંગ ધરાશાઈ થઈ છે જેમા ૩૦થી વધુ લોકો ફસાયાની આશંકા છે. ઘટનાને પગલે ફાયર વિભાગે રેસ્કયું ઓપરેશન હાથ ધર્યું છે.

**ચંદનનાં રોપા કેન્દ્ર - પ્લાસવા**

**જન કલ્યાણ નર્સરી એન્ડ ફાર્મ (ગામ પ્લાસવા)**

સફેદ ચંદન, લાલ જાંબુ, લીંબુડી, લીલી ચા, કેસર આંબા, મીઠી તુલસી (સ્ટેવીયા) વગેરેના રોપા અમારે ત્યાંથી મળશે

ઘનશ્યામભાઈ સાવલીયા મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬

કલ્યાણભાઈ સાવલીયા મો. ૯૮૨૪૮ ૨૨૬૫૦

**બંગલો વેચવાનો છે**

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

અતુલ ગણાત્રા મો. ૯૪૨૬૨ ૧૩૯૧૪
કરન ગણાત્રા મો. ૯૪૦૮૫ ૫૫૫૫૫
મો. ૯૬૩૮૫ ૫૫૫૫૫



**તિરૂપતિ કોર્પોરેશન**

ટ્રેડીંગ ઓફ જી.એન., કેક એન્ડ જી.એન.સીડ્ઝ અને જી.એન. ડોક.

માર્કેટીંગ યાર્ડ પાસે, દોલતપરા, જૂનાગઢ
ફોન : (૦૨૮૫)૨૬૬૦૩૦૭, ૨૬૬૦૩૩૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ


કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૩, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪


બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# વરસાદના પ્રથમ રાઉન્ડમાં જૂનાગઢની અત્યંત કફોડી સ્થિતી : જવાબદાર કોણ?

ગઈકાલે ભારે વરસાદના પગલે જુનાગઢ શહેરમાં પુર જેવી સ્થિતી સર્જાઈ હતી અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા તેમજ લોકોના ઘરમાં પાણી ઘુસી જતાં નુકશાન થયુ હતું જૂનાગઢ શહેરમાં વરસાદના પગલે થયેલી કફોડી હાલત માટે જવાબદાર કોણ? તેવો સવાલ ઉઠવા પામ્યો છે. લોકોમાં પ્રજાના પ્રતીનિધી સામે ભારે રોષ જોવા મળ્યો હતો




# ગીરનારનું રૌદ્ર રૂપ...



















# જૂનાગઢ જળબંબાકાર

# કેન્દ્રશાસિત પ્રદેશ દિવમાં બે દિવસથી અનરાધાર વરસી રહેલ મેઘરાજા

## બે દિવસમાં અત્યાર સુધીમાં છ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો : રસ્તાઓ ઉપર પાણી ભરાતા લોકોને ભારે મુશ્કેલી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૩૦

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં છેલ્લા બે દિવસથી અંધરાધાર વરસાદ વરસી રહ્યો છે એન ડીએમએ દ્વારા હાલ ૨૪ કલાક દીવમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બે દિવસથી દીવમાં અંધરાધાર વરસી રહેલા વરસાદને કારણે દીવના બંદરચોકવિસ્તાર મેઈનમાર્કેટ, ફોરેન માર્કેટ દીવ ઝાંપે જેવા અનેક વિસ્તારોમા પાણી ભરાય ગયેલ છે. સાથે દરિયામાં પણ કરંટ જોવા મળી રહ્યો છે. ઉંચા ઉંચા મોજા ઉછળી રહ્યા છે. દીવના લોકો વરસાદી માહોલમાં દરિયાના મોજાસાથે સેલ્ફી લેતા નજરે પડ્યા હતા. વરસાદી માહોલમાં હાલ વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી ગયેલ છે. જેને કારણે એક તરફ લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે તો બીજી તરફ દિવના અતિ ખરાબ ઉબડ ખાબડ રસ્તાઓને કારણે લોકોને ખૂબ જ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. દીવ ગામની અંદર મોટાભાગના રસ્તાઓમાં સ્માર્ટ સિટી અંતર્ગત ચાલી રહેલા પ્રોજેક્ટને કારણે લગભગ બે વર્ષથી ઉપરના સમયથી જે રસ્તાઓ ખોદવામા આવ્યા છે. જે વારંવાર માત્ર કાચી માટી અથવા પથ્થરોથી પૂરી દેવામાં આવે છે જે વરસાદના કારણે ખુલી ગયા હોય અને હાલ પાણી ભરાતા લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. આ બાબતે પ્રશાસન તંત્ર દ્વારા તુરતજ રસ્તાઓનું કામ શરૂ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# ઉના પંથકમાં ધોધમાર ૪ ઈંચ વરસાદ નોંધાયો

## નિચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોની મદદે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ





(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૩૦

ઉના શહેર અને ગ્રામ્ય પંથકમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ હતો ગઈકાલે સવારે ધીમી ધારે વરસાદ વરસતો હતો અને ૧૦ વાગ્યા પછી મેઘરાજા એ તોફાની બેટિંગ કરતાં હોય તેમ ધોધમાર વરસાદ વરસતો હતો અને બપોરે બે સુધીમાં ૪ ઈંચ વરસાદ વરસી ગયો હતો અને સાંજ સુધીમાં ૧૦૬ મી.મી. વરસાદ નોંધાયો છે. મોસમનો કુલ વરસાદ ૨૭૬ મી.મી. એટલે ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે સાંજે પાંચ પછી મેઘરાજાએ વિરામ લીધો હતો. આ ભારે વરસાદથી ઉના શહેરમાં નીચાણ વાળા વિસ્તાર ન્યાલય પાછળ, વરસિંગ પુર રોડ, ગીરગઢડા રોડ, આનંદ બજાર, ચંદ્રકિરણ સોસાયટી, ખાણ વિસ્તારમાં ગોઠણ ડૂબ બે ફૂટથી વધુ પાણી ભરાયા હતાં અને ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને રાજુભાઈ ડાભી અને પરેશભાઈ બાંભણિયા નગરપાલિકાના સ્ટાફ સાથે વરસતા વરસાદમાં નીકળી પાણીનો નિકાલ કરેલ હતો અને સાચા અર્થમાં લોક સેવકની ફરજ બજાવી હતી. ગ્રામ્ય પંથકમાં દેલવાડા, અંજાર, નવાબંદર, કેસરિયા, સિમર, રાજપરા, સામતેર, સનાખડા, ભાચા, કંસારી વગેરે ગામોમાં પણ ૪ ઈંચ વરસાદ વરસી જતા ખેતરોમાં પાણી ભરાયા હતા.

# પીએન્ડજી દ્વારા ભારતના નિકાસ કેન્દ્ર સ્થાપવા માટે ગુજરાતમાં રૂા.૨૦૦૦ કરોડના રોકાણની ઘોષણા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા. ૩૦

પોકટર એન્ડ ગોમ્બલ ઈન્ડીયા દ્વારા ગુજરાતમાં નવું અત્યાધુનિક પર્સનલ હેલ્થકેર ઉત્પાદન એકમ સ્થાપવા માટે રૂા.૨૦૦૦ કરોડનું રોકાણ કરવાની ઘોષણા કરવામાં આવી હતી. આ રોકાણ ગુજરાતના સન્માનનીય મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે મિટીંગમાં પીએન્ડજી ઈન્ડીયાના સીઈઓ એલવી વૈઘનાથન દ્વારા કરવામાં આવી હતી. આ એકમ દેશમાં ૮ પ્લાન્ટની પીએન્ડજી ઈન્ડીયાની મોજુદ ઉત્પાદન પહોંચની ટોચ ઉપર નિર્માણ કરાશે અને ગુજરાતમા મોજુદ હાજરીનો વિસ્તારશે. પીએન્ડજીએ અમદાવાદના સાણંદમાં ૨૦૧૫થી અત્યાધુનિક ઉત્પાદન એકમ શરૂ કરી દીધું છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ જણાવ્યું હતું કે, નવા પ્રોજેકટની શરૂઆત બદલ પીએન્ડજી ઈન્ડીયાને હું અભિનંદન પાઠવું છું. આ રાજય અને દેશમાં પીએન્ડજીની યાત્રામાં તે એક નવું સિમાચિન્હ છે. આ ફેકટરી એક નિકાસ કેન્દ્ર પણ હશે અને સ્થાનિક લોકોને તેનાથી જે મોકો મળશે તેનું અમે સ્વાગત કરીએ છીએ. પીએન્ડજી ઈન્ડીયાના સીઈઓ એલ.વી. વૈઘનાથનો જણાવ્યું હતું કે, પીએન્ડજીમાં અમે ભારતની વૃધ્ધીના પ્રવાસમાં ભાગીદારી કરવા માટે કટીબધ્ધ છીએ અને વર્ષોના વહાણા વીતવા સાથે વૃધ્ધી માટે બળ તરીકે અને સારપ માટે બળ તરીકે કામ કરવાનું ચાલું રાખ્યું છે. ગુજરાતમાં નવું ઉત્પાદન એકમ દેશ પ્રદાન કરુે તો ભરપુર વૃધ્ધીની સંભાવનામાં અમારા વિશ્વાસનો દાખલો છે. અમે રાજય, દેશ અને તેના લોકોની વૃધ્ધી માટે અમારી આપસી કટીબધ્ધતા આલેખિત કરતી પ્રેરણાત્મક ચર્ચા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો આ માટે આભાર માનીએ છીએ. અત્યાધુનિક એકમ સાથે અમારો હેતુ ભારતનો વૈશ્વિક સ્તરે પીએન્ડજી માટે નિકાસ કેન્દ્રમાં કરવાનો છે તે અમારા પ્રવાસમાં નોંધપાત્ર સિધ્ધી પણ છે જે અમનો અમારી પહોંચ વધારવા અને ગ્રાહકોને અપવાદાત્મક નાવીન્યતા પ્રદાન કરવાની અમારી ક્ષમતા વધુ વધારવા માટે અમનો અભિમુખ બનાવશે.

# ગીર સોમનાથ જીલ્લાની જુદી જુદી શાળાઓ અને જાહેર સ્થળોએ ડ્ર્ગસના સેવનથી બચવાને લઈ જનજાગૃતિના કાર્યક્રમ યોજાયો

## પંદર દિવસ સુધી સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપની ટીમોએ વિદ્યાર્થીઓ અને લોકોને ડ્રગ્સના સેવનના ગેરફાયદા અંગે જાગૃત કર્યા





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩૦

ગીર સોમનાથ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય ડ્ર્ગસ વિરોધી પખવાડીક ઉજવણી અંતર્ગત પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ યુવાધનને નાર્કોટીકસના રવાડે ચઢતા અટકાવવાની સાથે યુવાધન ગાંજો, અફીણ, ચરસ જેવા નુકશાન કરતા માદક દ્રવ્યોથી દૂર રહે અને લોકોમાં જાગૃતિ આવે તે માટે જાગૃતતા લાવવાના કાર્યક્રમો યોજવા સૂચના આપી હતી. જેને લઈ છેલ્લા પંદર દિવસ દરમ્યાન જિલ્લાની સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપની ટીમો દ્વારા જીલ્લામાં સરકારી કચેરીઓ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળોએ પોસ્ટરો, બેનરો લગાડી, રેલીઓ કાઢી લોકોને જાગૃત કરવા પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત જીલ્લાના ઉના, કોડીનાર, વેરાવળ- સોમનાથ, તાલાલા જેવા તાલુકાની માધ્યમીક/ઉચ્ચતર માધ્યમીક શાળોમાં પણ વિદ્યાર્થીઓને જાગૃત કરાયેલ હતા. જેમાં વરસીગપુર માધ્યમીક શાળાના સેમીનારમાં ૨૩૦ બાળકો હાજર રહ્યા તથા કોડીનારા વિરાટનગર માધ્યમીક ખાતે સેમીનારનું આયોજન કરેલ હતું. કુલ-૧૮૦ બાળકો હાજર રહ્યા હતા. તાલાલા ખાતે ઉચ્ચમાધ્યમીક નગરપાલીકા શાળા સેમીનારનું આયોજન કરેલ કુલ-૮૦૦ બાળકો હાજર રહયા તથા તાલાલા ટાઉન વિસ્તારમાં રેલી કાઢી તથા જીલ્લા હાઈવે ટ્રાફીક સાથે સંકલનમા રહી વેરાવળની મણીબેન કોટક સ્કૂલ ખાતે સેમીનારનું આયોજન કરેલ જેમાં કુલ ૧૫૦ વિદ્યાથીઓ હાજર રહયા હતા. સોશીયલ મિડિયા મારફતે નાકોટીકસ લગત વિડિયો કલીપોનું પ્રસારણ કરી લોકોને નાકોટીકસની બદી બાબતે માહિતગાર કરી જન જાગૃતિ લાવવા કાર્યક્રમ કરવામાં આવ્યા હોવાનું એસઓજી પીઆઈ એ.બી.જાડેજાએ જણાવેલ છે.

# લોઢવા વિસ્તારમાં ૨૪ કલાકમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા ૨૯

હવામાન વિભાગ દ્વારા રાજયમાં પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે ગીર સોમનાથ ભારે વરસાદ વરસવાની આગાહી કરી હતી. જેની અસર ગઈકાલે સવારે જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ગામડાઓમાં જોવા મળી હોય તેમ વહેલી સવારથી જ ધીમીધારે વરસાદ વરસ્યો હતો. શહેર-પંથકમાં વહેલી સવારથી જ ધીમીધારે વરસાદ વરસવાનું શરૂ થયા બાદ સતત ૨૪ કલાક સુધી અવિરત વરસાદ ચાલુ હતો. ૨૪ કલાક સુધીમાં સુત્રાપાડા પંથકમાં ૫ ઈંચ જેવો ભારે વરસાદ વરસી ગયો હતો. જ્યારે સુત્રાપાડામાં વહેલી સવારથી જ અવિરત વરસાદ ચાલું રહ્યો હતો. જેના પગલે રસ્તાઓ ઉપર નદીની માફક પાણી વહેતા થયા હતા જેમાં સુત્રાપાડા તાલુકાના લોઢવા, પ્રશ્નાવડા, ધામળેજ સહિતના ગામોના વિસ્તારોના રસ્તાઓ ઉપર પાણી ભરાયા હતા. આ વરસાદથી ખેડૂતો ખુશ ખુશાલ જોવા મળી રહ્યા છે.

# ખંભાળિયામાં યુવા ભાજપ દ્વારા વિશાળ બાઈક રેલી યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રની ભાજપ સરકારના શાસનના નવ વર્ષ પૂર્ણ થતાં આ નિમિત્તે આયોજિત મહાજનસંપર્ક અભિયાન અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા મોરચાના માર્ગદર્શન હેઠળ ગઈકાલે બુધવારે સાંજે ખંભાળિયા શહેર યુવા મોરચા દ્વારા વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં હતું.

ખંભાળિયામાં આવેલા મ્યુ. ગાર્ડન ખાતેથી આ બાઈક રેલીનો પ્રારંભ આગેવાનોની ખાસ ઉપસ્થિતી કરવામાં આવ્યો હતો. ભારત માતા કી જય અને જય જય શ્રી રામ ગગનભેદી નાદ સાથે વરસતા વરસાદમાં યુવાનો ભારે ઉત્સાહથી જોડાયા હતા. આ રેલી શહેરના વિવિધ વિવિઘ રાજમાર્ગો પર ફરીને મ્યુ. ગાર્ડન ખાતે પૂર્ણ થઈ હતી.

આ બાઈક રેલી સંપૂર્ણ આયોજન જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલીના ઈન્ચાર્જ બ્રીજરાજસિંહ જાડેજા, સહ ઈન્ચાર્જ જીતુભાઈ ગઢવી સાથે શહેર યુવા ભાજપ પ્રમુખ કિશનભાઈ ગોહેલ, મહામંત્રી દેવ શાહ, શકિત ગઢવી, તપન શુકલ મીત સવજાણી, દર્શિલ બારોટ, પાર્થ સોલંકી, હાર્દિકસિંહ જાડેજા, હેમાંગ પિત્રોડા, રાજ પાબારી, હાર્દિક દતાણી, તુષાર નડિયાપરા, દિલીપ ગઢવી સાથે શહેર મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર અને તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# આવતીકાલે ૧ જુલાઈ, વૃક્ષારોપણ કે વૃક્ષાહરણ !



દર સાલ ૧ જુલાઈના રોજ ગમે ત્યાં વૃક્ષનું રોપણ કરી ફોટો, વિડિઓ ઉતારીને બધા જતા રહે છે તેપછીના પદિવસ પછી તે વૃક્ષની શું હાલત છે તેની કોઈ દરકાર નથી કરતું. પણ જો આપણને ખરેખર વૃક્ષની ચિંતા હોય તો એક એવું ગ્રુપ બનાવવું જોઈએ કે જયાં ત્યાં વૃક્ષનું રોપણનાં કરવું જોઈએ. બલ્કે એવી જગ્યાએ રોપણ કરવું જોઈએ કે ભવિષ્યમાં કોઈને તે નડતરરૂપનાં થવું જોઈએ અને કોઈ વખતે તેને કાપવું ન પડે. વૃક્ષ રોપણ કર્યા પછી સાત દિવસ કે દશ દિવસ પછી તેની ખરાય કરો કે તેની આજની સ્થિતિ શુ છે અને અવલોકન કરો જેથી કરી તે વૃક્ષ આપણી સાંભળથી એક લીલાશ ભરી આગવી ઓળખ બને અને ખરેખર આવા વૃક્ષ કોઈ મંદિરનાં પ્રાગણ કે કોઈ સંસ્થા, પડતર જગ્યાએ વાવવા કે જ્યાં પાણીની વ્યવસ્થા હોય તો જ તેની યોગ્ય માવજત અને જતન થાય.

ચોમાસુ બેસે એટલે ન્યૂઝમાં સમાચાર પત્રોમાં વૃક્ષારોપણમાં સંસ્થાઓ કે, નાગરિકો દ્વારા આયોજન કરવામાં આવે છે. વિડિઓ, ફોટો પડી જાય પાવડા, તગારા, ત્રિકમ કે પછી રોપા હાથમાં લઈ વૃક્ષ વાવતા હોય તે સીન લેવાયા બાદ બધું જેસે થે મુજબ થાય છે પણ પાંચ દિવસ પછી તેજ જગ્યાએ તપાસ કરો તો રોપો જ ના હોય કા પછી નમી ગયેલ હોય. આ રીત આપણી યોગ્ય નથી એક નરી વાસ્તવિકતા છે. આજ ગામડામાંથી તેનું શહેરીકરણ કરવામાં આવી રહ્યું છે. શહેરથી ૫ કિમી.ની આસપાસ ગામડા ધીમે, ધીમે શહેરનું રૂપ લઈ રહ્યાં છે જેમાં સોથ વૃક્ષાનો નીકળી રહ્યો છે. ૧૦૦ વર્ષ જૂનાં વડ, નીમ, કે પીપળાનું નીકનંદન નીકળી રહ્યું છે. આવા ગુણકારી વૃક્ષો આપણને ફળ, ફૂલ કે પછી સારી ઉર્જા આપતા હોય છે. તેનું એક થિયરીકલ રીતે સોથ વાળવામાં



આવી રહ્યો છે. જાણે વૃક્ષોનું જંગલ નહિ બલ્કે સિમેન્ટનું જંગલ બની રહ્યું છે. ધીમે ધીમે ગીચતાએ સ્થાન લીધું છે. સારી ઉર્જા, ઓક્સિજન કે હવા નામ શેષ થતી જાય છે. લીલાશ વિદાય લઈ રહી હોય તેમ લાગે છે. એક વૃક્ષને ઘટાટોપ થતાં લગભગ ૧૦૦ વર્ષની આસપાસ સમય લાગે છે પણ શહેરીકરણ કરવા આવા વૃક્ષોનો નાસ કરતાં જેસીબીને અડધો કલાક લાગે છે. લીમડાની જેમ આ વાત કડવી છે પણ સત્ય છે. આ આપણી સૌની ધાર્મિકતા છે કે માનસિકતા ? તે નક્કી નથી થતું.

હાલ બધે શિક્ષણનો વ્યાપ વધવામાં છે જેમાં દરેક સરકારી કે પ્રાયવેટ સ્કૂલોમાં વૃક્ષો અંગેની જાણકારી આપતા વર્ગો ચલાવવા જોઈએ તેનાં ગુણ, રંગ, ઉપયોગ આકારની જાણકારી વિદ્યાર્થીઓને આપવી જોઈએ. નહીંતર આગામી દિવસોમાં આ બધુ ચિત્ર કે ફોટો દ્વારા સમજાવવા પડશે તે દિવસો દૂર નથી. આ બાળકો ઉગતા સૂર્ય રૂપ છે અને બાળકો દેશનું ઉજ્જવળ ભવિષ્ય છે તેને માહિતગાર કરવું એક ધાર્મિકતાની સાથો સાથ શૈક્ષણિક બાબત છે. આની ખાતારી કરવી હોય તો રજામાં ભવનાથ તળેટી જઈ એ છીએ ત્યારે આપણને એક અલગ રોમાંચની સાથે આહલાદક અનુભવ થાય છે. નવી ઉર્જા નવું ઓકિસજન આ બધું અહીં પુસ્કળ ઝાડ, પાન છે તેનું છે અને થોડી વાર બાદ શહેરમાં પગમુકો બધું રાસાયણિક લાગે છે. કારણ એક સમયે શહેરનાં દાતાર રોડ, વંથલી રોડ, બીલખા રોડ સહીત નવાબી શાસન પેલા વૃક્ષોની હારમાડા હતી. એ બધા કાંય ગાંડા નોતા પણ બુદ્ધિ સાળી હતા. જેનાથી પ્રજાનું આરોગ્ય સારૂ રહે. તંદુરસ્ત રહે તે હેતુ હતો. એક યાદ રાખો કે "વૃક્ષ વિના આબાદિ, વૃક્ષ વિના બરબાદી "કોઈ સારી જગ્યાએ એક વૃક્ષનું



નિર્માણ કરો તેમાં તમારી સાથે તમારા આડોસ, પાડોશની સાથે ગામ દેશને ફાયદો થશે. એક વૃક્ષનાં રોપણ બાદ માવજત બાદ સમય આવ્યે તે મોટુ ઘટાટોપ વૃક્ષ બનશે. તેમાંથી કેટલાય જીવો નભસે જેમ કે કીડી, મકોડા સહીત જીવાતો, પક્ષીઓ ઓના રહેઠાણ બનશે. જે ધાર્મિકતાની સાથે આશીર્વાદરૂપ સાબિત થશે અને સવારે તમને મધુર કલરવથી જગાડશે અને વાતાવરણ સૂરમાય બનશે તો ચાલો આજ ૧ જુલાઈએ સંકલ્પ કરીએ કે જૂના વૃક્ષોનું જતન કરીએ અને નવા વૃક્ષનું નિર્માણ કરીએ. આપણે તેનું ધ્યાન ૧ વર્ષ જેટલું જ રાખવાનું છે. જયારે સમય આવ્યે તે પ્રકૃતિનાં સાનિધ્યમાં સમાય જશે ચાલો આપણે વૃક્ષો વાવી એક કુદરતી ફરજ બજાવીએ.

**- આલેખન : વિજય ચુડાસમા, જૂનાગઢ**

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભાજપ અને પીએમ મોદી સામે વિપક્ષી દળોનો મોર્ચો

પટનામાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની યજમાનીમાં ૧૫ વિપક્ષી દળોના ૩૦ નેતાઓથી વધુ નેતાઓનો જમાવડો વિપક્ષની સક્રિયતાનો નમૂનો કહી શકાય. તેમાં વિપક્ષી દળોએ ભાજપ અને પીએમ નરેન્દ્ર મોદી વિરૂધ્ધ એકજુથ થઈને લડવાનો સંકલ્પ કર્યો છે. સંકલ્પ સ્પષ્ટ છે કે વિપક્ષી દળો કેમ એક મંચ પર આવ્યા છે. વિપક્ષી દળો દેશમાં રાજનીતિ બદલવા માટે ભેગા નથી થયા, કે કોઈ વૈચારિક પરિવર્તન માટે એકઠા નથી થયા. ટોળામાં સામેલ વિપક્ષો દેશમાં વિકાસની સંસ્કૃતિ વિકસિત કરવા, કે રાજનીતિને ભાઈ-ભત્રીજાવાદ કે પરિવારવાદથી મુક્ત કરવા કે મોંઘવારી-બેરોજગારીનું સમાધાન કાઢવા કે જાતિવાદને ખતમ કરવા માટે અભિયાન ચલાવવા વગેરે માટે એકઠા નથી થયા, બલ્કે તેઓ માત્ર મોદીને અને ભાજપને હટાવવા માટે જ એક મંચ પર આવ્યા છે. એટલે કે આ ગઠબંધન માત્ર સત્તા માટે જ છે. ભૂતકાળની રાજનીતિ કહે છે કે કોઈપણ મંચ માત્ર સત્તા માટે બન્યો છે, તો તે સફળ નથી થયો.

આવું પહેલી વાર નથી કે બે ડઝનથી વધુ વિપક્ષો એક મંચ પર આવ્યા હોય અને ભાજપ તથા મોદીને હટાવવાનો શંખનાદ કર્યો હોય. ૨૦૧૪ બાદથી ભાજપ જેમ જેમ મજબૂત થઈ છે, વિપક્ષો એકજુટ થવાના સોગંદ ખાતા રહ્યા છે. પહેલાં બિનભાજપી અને બિનકોંગ્રેસ રાજકીય મંચ બનાવવાનો પ્રયાસ થયો અને હવે કોંગ્રેસ સહિત બે ડઝનથી વધુ પક્ષો ફરી એક વખત એક જ મંચ પર આવ્યા છે. જોવામાં આવ્યું છે કે લોકસભા ચૂંટણી પહેલાં વિપક્ષી દળોને એકજુટતાનો તાવ ચડે છે અને ચૂંટણી પતતાં જ તે ઠંડો પડી જાય છે. આ વખતે પણ એવું જ થઈ રહ્યું છે. ૨૦૨૪માં લોકસભા ચૂંટણી છે અને વિપક્ષી દળોને લાગે છે કે મજબૂત ભાજપ આગળ તેઓ એકલા મુકાબલો નહીં કરી શકે, કારણ કે ભાજપ વિરોધી વોટ વહેંચાઈ જાય છે. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર બન્યા બાદ જ્યાં કોંગ્રેસ પ્રત્યે વિપક્ષી દળોનું વલણ બદલાયું છે, ત્યાં જ વિપક્ષોમાં ધારણા બની છે કે જો એકજુથ થઈને લડવામાં આવે તો મોદી અને ભાજપને હરાવી શકાય છે. પરંતુ આ ધારણામાં કેટલીય ગૂંચ છે. વિપક્ષો વચ્ચે રાજ્યોમાં હિતોનો ટકરાવ છે, મોદીના મુકાબલે કોઈ રાષ્ટ્રીય ચહેરો નથી, રાહુલ ગાંધીની કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળોમાં સ્વીકાર્યતા નથી. શરદ પવાર ઉંમરના કારણે નેતૃત્વ સંભાળવાની સ્થિતિમાં નથી. નીતિશ, મમતા તથા કેજરીવાલ જેવા પ્રાદેશિક નેતાઓની આખા ભારતમાં સ્વીકાર્યતા નથી. સૌથી મોટી વાત એ કે ભેગા થયેલા વિપક્ષોનો કોઈ રાષ્ટ્રીય કાર્યક્રમ નથી, દેશ માટે તેમની પાસે કશો એજન્ડા નથી. વિપક્ષી એક્તા માત્ર ભાજપ અને મોદી વિરોધ તથા મોંઘવારી-બેરોજગારી જેવા આરોપોની બુનિયાદ પર ટકેલી છે અને એટલે જ તેનો પાયો કમજોર છે. વિપક્ષોએ એક રાષ્ટ્રીય કાર્યક્રમ લઈને આવવું પડે, જેમાં વિકાસના એજન્ડાથી લઈને અર્થવ્યવસ્થા અને વિદેશ નીતિ સુધ્ધા પર પોલિસી સામેલ હોય. વિભિન્ન પક્ષોના નેતાઓની રાજકીય મહત્ત્વાકાંક્ષા પણ વિપક્ષી એકજુથતામાં બાધક છે. પટનાની બેઠકમાં જ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના મતભેદ સપાટી પર આવી ગયા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અનશનથી વધીને કોઈ તપ નથી.
- તૈતિરીય આરણ્યક

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૧૨, તા.૩૦ જૂન ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૧૧, વિશાખા નક્ષત્ર, સાધ્ય યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૪૦
આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), સવારે ૧૦:૧૮ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યાપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી મિલન થાય.
વૃષભ: લાભની તક સાંપડે. મનમાં ઉત્સાહ રહે. નવિન સમાચાર મળે.
મિથુન: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કર્ક: મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.
સિંહ: ગૃહજીવનમાં ચકમક ઝરે. મનમાં અશાંતિ રહે.
કન્યા: અપયશના ભાગીદાર બનવું પડે. ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરવો હિતાવહ.
તુલા: મનમાં વ્યથા-દુ:ખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
વૃશ્ચિક: ધીરજની કસોટી થાય. પરેશાની-તકલીફમાં વધારો થાય.
ધન: મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
મકર: મહેનતનું શુભ ફળ મેળવી શકશો. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.
કુંભ: ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.
મીન: મનની મુરાદ બર ન આવે. વ્યર્થ ચિંતા રહે.

# સ્પેશ્યલ ઓલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સમાં ગુજરાતીઓએ ડંકો વગાડ્યો

## ગુજરાતી મનોદિવ્યાંગ રમતવીરોને વર્લ્ડ ગેમ્સમાં ૨ ગોલ્ડ, ૮ સિલ્વર, અને ૪ બ્રોન્ઝ મેડલ : અમદાવાદ એરપોર્ટ પર ખેલાડીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું




અમદાવાદ, તા.૩૦

જર્મની ખાતે સ્પેશ્યલ ઓલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯૦ જેટલા દેશના ૭૦૦૦ કરતાં વધારે મનોદિવ્યાંગ સ્પર્ધાકોએ ભાગ લીધો હતો. ત્યારે ગુજરાતમાંથી પણ ૧૪ એથ્લેટ અને ૧૦ કોચને ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળ્યો હતો. જેમાં ગુજરાતના સ્પર્ધકોએ જુદી જુદી રમતમાં શાનદાર પ્રદર્શન કરી ૧૪ મેડલ સાથે વિશ્વભરમાં ગુજરાતનું નામ રોશન કર્યું હતું.

વર્લ્ડ ગેમ્સની શરૂઆત પહેલાં જ વિશ્વભરમાંથી આવેલ જુદા જુદા ડેલિગેશન માટે ફ્રેંક ફૂટ શહેર ખાતે હોસ્ટ ટાઉન પ્રોગ્રામ યોજાયો હતો. જ્યાં ગુજરાતી ગરબાથી બધાનું દિલ જીતી વર્લ્ડ ગેમ્સમાં ગુજરાતની ટીમએ એન્ટ્રી કરી હતી. ત્યાર બાદ ૧૭ જૂને ઓપનિંગ સેરેમની ભવ્ય ટોર્ચ રન અને આતશબાજી સાથે વર્લ્ડ ગેમ્સનો શુભારંભ થયો હતો. અને ૧૭ થી ૨૫ જૂન સુધી જુદા જુદા ગ્રાઉન્ડ પર જુદી જુદી સ્પોર્ટ્સ ઈવેન્ટ, કલ્ચરલ પ્રોગ્રામ, હેલ્થચેક અપ, યંગ એથ્લેટ, જેવા અનેક પ્રોગ્રામ યોજાયા હતા.

ગુજરાત સ્પેશયલ ઓલિમ્પિકસ લોકડાઉન દરમ્યાન ઓનલાઈન અને ત્યાર બાદ જુદા જુદા કેમ્પ દ્વારા આપવામાં આવેલ સતત તાલીમના કારણે આપણા ગુજરાતી મનો દિવ્યાંગ રમતવીરોએ વર્લ્ડ ગેમ્સમાં ૨ ગોલ્ડ, ૮ સિલ્વર, અને ૪ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૧૪ મેડલ સાથે આગવું સ્થાન મેળવી ભારતનું ગૌરવ વધાર્યું હતું. આ ઉપરાંત ૩ ખેલાડીઓએ ચોથા અને પાંચમા સ્થાને રહી રીબીન પ્રાપ્ત કરી હતી.

૧૪ મેડલ સાથેની આ સિધ્ધિ સાથે ખુશ ખુશાલ મિજાજમાં અમદાવાદ એરપોર્ટ પર આવતા ખેલાડીઓના ચહેરા પર અનેરો આનંદ જોવા મળ્યો હતો. ગુજરાતની ટીમનું સ્પેશ્યલ ઓલિમ્પિકસ ગુજરાત સમિતિ, સ્વર્ણિમ સ્પોર્ટ્સ યુનિવર્સીટીના વી.સી. પ્રો. ડૉ.અર્જુનસિંહ રાણા, સમગ્ર શિક્ષાના સચિવ મહેશભાઈ મહેતાએ ડી.જે.ના સૂર સાથે વધાવી નાચ ગાન સાથે સ્વાગત કર્યું હતું.

ગુજરાતના દિવ્યાંગ ખેલાડીઓને ઉચ્ચતમ સ્થાન માટે સતત પ્રયત્નશિલ અને હાલ સ્પેશિયલ ઓલિમ્પિકસ ભારતના જનરલ સેક્રેટરી ડો.ડી.જી. ચૌધરીએ વિજેતા ટીમ અને તેમના કોચ તથા પરિવારજનોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે મનોદિવ્યાંગ કશું ન કરી શકે એ વિચાર ભૂલી આગામી વર્લ્ડ ગેમ્સ માટે સખત અને સતત મહેનત થકી વધુમાં વધુ ખેલાડીઓ તૈયાર કરીએ અને એ માટે સહુ ગુજરાતીઓ જાગૃત બની ગુજરાતના છેવાડા સુધી પડદા પાછલ રહેલા ખેલાડીઓને શોધી સ્પેશ્યલ ઓલિમ્પિક્સ સુધી લાવવા સહયોગી બનીએ.

વિજેતા ખેલાડી અને કોચનો ઉત્સાહ જોઈ એરપોર્ટ રોડ પર અન્ય મુસાફરોએ પણ પ્રબળ ઈચ્છા શકિતથી દિવ્યાંગ પણ દિવ્ય બની શકે તેવા આદર્શ સાથે વિજય સરઘસને વધાવ્યું હતું.

<u>મેડલ વિજેતા ગુજરાતી એથ્લેટ</u>

જાલમસિંહ સોલંકી (અરવલ્લી), બાસ્કેટ બોલ – ગોલ્ડ મેડલ

હિમાની પ્રજાપતિ યુનિફાઈડ પાર્ટનર (ગાંધીનગર) વોલીબોલ – ગોલ્ડ મેડલ

કાજલ બોળીયા (બોટાદ) બાસ્કેટ બોલ – સિલ્વર મેડલ

લીલા પટેલ (દાહોદ) બાસ્કેટ બોલ – સિલ્વર મેડલ

રીંકલ ગામીત (સુરત) હેન્ડ બોલ – સિલ્વર મેડલ

એન્જેલિના પૌસીન (અમદાવાદ) રોલર સ્કેટિંગ ૧૦૦ મીટર – સિલ્વર મેડલ, રોલર સ્કેટિંગ રિલેમાં સિલ્વર મેડલ

અક્ષર પ્રજાપતિ (આણંદ) રોલર સ્કેટિંગ – સિલ્વર મેડલ

પ્રેમલાડ (આણંદ) રોલર સ્કેટિંગ ૩૦૦મીટર – સિલ્વર મેડલ, રોલર સ્કેટિંગ સેલોમાં બ્રોન્ઝ મેડલ

કિરીટ ચૌહાણ (દાહોદ) સ્વિમિંગ ઈ.એસ. – સિલ્વર મેડલ, સ્વિમિંગ ૨૫ મીટર બી.એસ.માં બ્રોન્ઝ મેડલ

અનુરાગ (ગાંધીનગર) યુનીફાઈડ પાર્ટનર – વોલીબોલ સિલ્વર મેડલ

રાધા મચ્છર (મહીસાગર) ફૂટબોલ – બ્રોન્ઝ મેડલ

# IIM વિદ્યાર્થીઓને ૧૦ લાખ રૂપિયાની ૧૦ સ્કોલરશિપ અને ૫ લાખ રૂપિયાની વીસ સ્કોલરશિપ આપશે

અમદાવાદ,તા.૩૦

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદે ૩૦ નવી સ્કોલરશિપની જાહેરાત કરી છે. આ સ્કોલરશિપ ંસ્ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા IIMA એન્ડોમેન્ટ ફંડ દ્વારા આપવામાં આવશે. શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૫માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ માટે આ ફાયદાકારક રહેશે. પીજીપી બેચને સ્કોલરશીપ આપવામાં આવશે. IIM અમદાવાદ દેશની ટોચની મેનેજમેન્ટ કોલેજોમાં સામેલ છે. અહીં દેશ-વિદેશની મોટી કંપનીઓ પ્લેસમેન્ટ માટે આવે છે અને વિદ્યાર્થીઓને કરોડોના પેકેજ પર હાયર કરે છે.સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલી નોટીસ મુજબ પ્રથમ વર્ષ અને બીજા વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓને ૧૦ લાખ રૂપિયાની કુલ ૧૦ સ્કોલરશિપ અને ૫ લાખ રૂપિયાની વીસ સ્કોલરશિપ આપવામાં આવશે.આ સ્કોલરશિપ ઉપરાંત સંસ્થા પાસે શૈક્ષણિક અને સર્વાંગી શ્રેષ્ઠતા અને વિશિષ્ટ વિદ્યાશાખાઓના પ્રદર્શન માટે અન્ય પુરસ્કાર છે, જે સંસ્થા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વ્યક્તિઓ અથવા સંસ્થાઓ વતી પુરસ્કારો આપવામાં આવે છે.સંસ્થાએ તાજેતરમાં બે વર્ષના ફુલ ટાઈમ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (ૅ)ના ૬૦મા વર્ગ અને ફૂડ એન્ડ એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ (ૅ હ્વછમ્સ)માં બે વર્ષના પૂર્ણ સમયના પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામની ૨૪મી બેચનું કેમ્પસમાં સ્વાગત કર્યું હતું. કુલ મળીને, ૨૦૨૩-૨૦૨૫માં કુલ ૪૫૫ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલાડીઓનો સમાવેશ થાય છે, જેઓ સમગ્ર દેશમાં વિવિધ પૃષ્ઠભૂમિમાંથી આવે છે.

# સુઝેન ખાન વીડિયો શેર કર્યો, વીડિયોમાં બ્લેક લુક ફેન્સને ખુબ પસંદ આવ્યો



મુંબઈ,

બોલિવૂડ એક્ટર રિતિક રોશનની એક્સ વાઈફ સુઝેન ખાનને કોઈ પરિચયની જરૂર નથી. અલગ થયા બાદ બંને હવે આગળ વધ્યા છે. રિતિક જ્યાં સબા આઝાદને ડેટ કરી રહ્યો છે, તો બીજી તરફ, સુઝેન ઘણીવાર અર્સલાન ગોની સાથે રોમેન્ટિક પળો વિતાવતી જોવા મળે છે. ફરી એકવાર બંનેની હોટ કેમેસ્ટ્રી જોવા મળી છે. આ દિવસોમાં કપલ મેક્સિકોમાં એન્જોય કરી રહ્યું છે. સુઝૈન ખાને હાલમાં જ એક વીડિયો શેર કર્યો છે જેમાં તે તેના બોયફ્રેન્ડ અરસલાન ગોની અને મિત્રો સાથે ક્વોલિટી ટાઈમ વિતાવતી જોઈ શકાય છે. વિડિયો શેર કરતાં સુઝેને લખ્યું, 'સનશાઈન, સ્મિત અને મારા મનપસંદ લોકો સાથે અનંતહીન.' આ વીડિયોમાં સુઝેન બ્લેક બિકીનીમાં જોઈ શકાય છે. આ તસવીરોમાં તે ખૂબ જ હોટ લાગી રહી છે. ફેન્સ તેના ફોટોના દિવાના બની ગયા છે. એક તરફ તેના ફેન્સ તેના ખૂબ વખાણ કરી રહ્યા છે. સાથે જ ઘણા લોકોએ તેને ટ્રોલ પણ કરી છે. એક યુઝરે લખ્યું, 'બુઢ્ઢી ઘોડી લાલ લગમ લાલ લગામ.' બીજાએ લખ્યું, 'રિતિકના પૈસા પર બે બેરોજગાર મજા કરી રહ્યા છે.' સુઝાન અને અર્સલાનનો આ વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ રહ્યો છે. થોડી મિનિટો અને કલાકોમાં, આ વીડિયો પર જબરદસ્ત લાઈક્સ અને રિએક્શન્સ જોવા મળે છે. આ સાથે જ તમામ નેટીઝન્સ કપલને તેમની વધુ પડતી રોમેન્ટિક સ્ટાઈલ માટે ટ્રોલ પણ કરી રહ્યા છે. તેથી ત્યાં કેટલાંક લોકો તેની પાસેથી વેકેશન દરમિયાનની કેટલીક વધુ તસવીરો અને વીડિયોની માંગ કરી રહ્યા છે.

# ફેમસ ગુજરાતી લોક ગાયિકા 'કચ્છની કોયલ' ગીતા રબારી

અમદાવાદ,

ફેમસ ગુજરાતી લોક ગાયિકા ગીતા રબારીને આજે કોઈ ઓળખની જરૂર નથી. કચ્છની કોયલના નામે જાણીતી ગીતા રબારી પોતાના ગીતો દ્વારા દુનિયાભરમાં ધૂમ મચાવી રહી છે, દેશ-વિદેશમાં તેના મધરુ અવાજ અને વિશેષ શૈલીમાં ગીતો ગાવાના અંદાજના લાખો પ્રશંસકો છે. ગીતા રબારીના સોશિયલ મીડિયા પર પણ લાખો ફોલોઅર્સ છે. તેના ગીતો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવે છે. તેનું એક ગીત રોમા શેરમાને યુટ્યૂબ પર કરોડો વ્યૂઝ મળી ચુક્યા છે. ગુજરાતના કચ્છના અંજારમાં આવેલા નાનકડા ટપ્પલ ગામની દીકરી છે ગીતા રબારી. તે એક માલધારી સમાજમાંથી આવે છે અને પોતાના કોકિલ કંઠથી આખા ગુજરાતને ઘેલું કરે છે. ગીતા રબારી એક લોક ગાયિકા અને ભજન કલાકાર પણ છે. આજે તેની સફળતા વિશે તો સૌકોઈ જાણે છે પરંતુ કોઈ એ નથી જાણતું કે તેના માટે ગીતાએ કેટલો સંઘર્ષ કર્યો છે. આજે અમે તમને જણાવીશું કે કેવી રીતે ગીતા રબારીએ પોતાની મહેનત અને ટેલેન્ટના દમ પર સફળતા હાંસેલ કરી. ગીતા રબારીનો જન્મ કચ્છના અંજારના એક નાનકડા ટપ્પર ગામમાં ૩૧ ડિસેમ્બર ૧૯૯૬ના રોજ થયો હતો. તેના પિતા કાનજીભાઈ અને માતા વિન્જુબેન છે. ગીતાને નાનપણથી જ ગાવાનો ખૂબ જ શોખ હતો. ગીતાને તેની સ્કૂલમાં જ્યારે પણ ગાવાનો મોકો મળતો ત્યારે તે પોતાના કોકિલકંઠના સૂર રેલાવતી. તેણે પોતાની પ્રાથમિક સ્કૂલના ફંક્શનમાં તેનું પહેલું ગીત 'બેટી હું મે બેટી મેં તારા બનુંગી' ગાયું હતું. આ ગીત તેને તેના શિક્ષકે ગાવાનું કહ્યું હતું. ત્યારથી જ તેને શિક્ષકોનો સપોર્ટ મળવા લાગ્યો હતો. સ્કૂલના સમયથી ગાવાનું શરૂ કર્યા બાદ તેને આસપાસના ગામોમાં કાર્યક્રમોમાં બોલાવવાનું શરૂ થયું. તે બાદ ધીમેધીમે તેને આખા પ્રદેશમાં ખ્યાતિ મળી. હવે તે ઘણા મોટા કલાકારો સાથે દેશ-વિદેશના લાઈવ પ્રોગ્રામ કરે છે. હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન શરૂ કર્યું હતું. અભિયાનના ભાગરૂપે તેમણે ઘરે-ઘરે પત્રો મોકલ્યા હતા. મારા ઘરે પણ એક પત્ર આવ્યો. અમારું ઘર બંધ હતું પણ પાડોશીઓએ પત્ર પિતાને આપ્યો અને તેમાં શું લખ્યું હતું તે જણાવ્યું. ગીતા રબારીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, 'ત્યારે તેમણે 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન શરૂ કર્યું હતું. અભિયાનના ભાગરૂપે તેમણે ઘરે-ઘરે પત્રો મોકલ્યા હતા. મારા ઘરે પણ એક પત્ર આવ્યો. અમારું ઘર બંધ હતું પણ પાડોશીઓએ પત્ર પિતાને આપ્યો અને તેમાં શું લખ્યું હતું તે જણાવ્યું. ગીતા રબારીએ કહ્યું કે, 'ત્યારે મારા પિતાએ વિચાર્યું કે મોદીજી ગુજરાતની દીકરીઓના ભવિષ્યની ચિંતા કરે છે. મારે તો એક જ દીકરી છે, તો મારે તેની ચિંતા કેમ ન કરવી જોઈએ. પછી ગામમાં આવીને ધંધો કર્યો અને મને શાળાએ મોકલી. બેટી બચાવો બેટી પઢાવો અભિયાન હેઠળ મારું નામ નોંધાયું હતું. ગીતાએ જણાવ્યું કે, શાળામાં જોડાયાના બે-ત્રણ વર્ષ પછી તે શાળાની પિકનિક માટે રણોત્સવમાં ગઈ હતી. તત્કાલિન સીએમ નરેન્દ્ર મોદી પણ ત્યાં આવ્યા હતા.પીએમ મોદી સાથેની પહેલી મુલાકાતને યાદ કરતા ગીતાએ કહ્યું, 'અમે બધા બાળકો સામે બેઠા હતા. મોદી સાહેબ એક પછી એક બધા બાળકોને બોલાવી રહ્યા હતા. કોઈ કવિતા સંભળાવતું હતું, કોઈ જોક સંભળાવી રહ્યું હતું. મને પણ બોલાવી અને મને પૂછ્યું કે, તને શું આવડે છે?. મેં કહ્યું કે હું માત્ર ગાવાનું જાણું છું. મેં તેમને કચ્છી ભાષાના ગીતો ગાઈને સંભળાવ્યા. મેં તેના ચહેરા પર સ્મિત જોયું. તેણે મને પ્રોત્સાહિત કરી ૨૫૦ રૂપિયા આપ્યા.તેમના પિતા મોદીજી જેવા છે. હું તેને પાલક પિતાનો દરજ્જો આપવા માંગુ છું. 'દેશના વડાપ્રધાનને મારું નામ યાદ હતું': ગીતાએ પીએમ મોદી સાથેની તેમની બીજી મુલાકાતની વાત પણ કહી. ગીતાએ કહ્યું કે જ્યારે મોદી સાહેબ બીજી વખત આવ્યા ત્યારે તેઓ વડાપ્રધાન હતા. તે કહે છે, 'મોદીજીએ મને જોઈ કે તરત જ તેમણે મને ઓળખી લીધી. તેમણે કહ્યું, અરે ગીતા, તું બહુ મોટી થઈ ગઈ છે. મને આશ્ચર્ય થયું કે તેને મારું નામ પણ યાદ હતું. વડાપ્રધાન કેટલા લોકોને મળે છે અને વાત કરે છે? આટલી નાની વાત પણ તેમને યાદ આવી ગઈ. તેમણે મારા માથા પર પ્રેમથી હાથ મુક્યો હતો.જણાવી દઈએ કે, ગીતા રબારીના પરિવારમાં, તે હવે એકમાત્ર કમાનાર વ્યક્તિ છે. તેને બે ભાઈઓ હતા પણ તેનું અકાળે અવસાન થયું છે. ગીતાએ ૧૦મા ધોરણ સુધી અભ્યાસ કર્યો, ત્યારબાદ તેણે દિલથી ગાવાનું શરૂ કર્યું. માતા-પિતાનું એકમાત્ર સંતાન ગીતા ભજન, લોકગીત, સંતવાણી, ડાયરા જેવા જીવંત કાર્યક્રમો કરે છે.



તેણે ઘણા ગીતો ગાયા છે, રોના શેરમા અને એકલો રબારી, આ બંને ગીતો આખા ગુજરાતમાં ખૂબ પ્રખ્યાત થયા છે. આ સિવાય તેણે દેશી ઢોલ, ઢોલ નગારા, દેવ દ્વારિકા વાળા જેવા ઘણા આલ્બમ પણ કર્યા છે.ગીતા રબારીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર નજર કરીએ તો તેણે એથનિક અને વેસ્ટર્ન આઉટફિટ્સમા પોતાના ઘણા ફોટોઝ શેર કર્યા છે. હાલમાં જ તેણે ગામઠી લુક્માં લંડનની ગલીઓમાં પોઝ આપીને ફોટોઝ શેર કર્યા છે. તેના ફોટોઝ જોઈને કહી શકાય કે ગીતાને ફરવાનો પણ ખૂબ શોખ છે. તે અવનવી જગ્યાઓ પર ફોટોશૂટ કરાવતી રહે છે. ગીતા રબારીની લોકપ્રિયતાનો અંદાજ તમે એ વાત પરથી લગાવી શકો છો કે, તેના ગીતો અને સોશિયલ મીડિયા પોસ્ટ જોતજોતામાં વાયરલ થઈ જાય છે અને સોશિયલ મીડિયા પર તેના લાખો ફોલોઅર્સ છે. યુટ્યુબ પર તેના ગીતો ધૂમ મચાવે છે. જણાવી દઈએ કે, ગુજરાતી લોક્સંગીત માટે ગીતાનું કામ ઉલ્લેખનીય છે, તેણે ગુજરાતી સંગીતને યુવાઓમાં લોકપ્રિય કરવાનું કામ કર્યુ છે.

# ગુજરાતમાંથી પ્રથમ સિઝનમાં જ બે લાખ કિ.ગ્રા.થી વધુ કેસર કેરીનું ઈ-રેડિયેશન કરી નિકાસ કરાઈ

## મુંબઈને બદલે હવે બાવળા ખાતે કેરી અને દાડમ પકવતા ખેડૂતોને મહત્તમ લાભ મળશે

ગાંધીનગર, તા.૩૦

ભારત જેવા કૃષિ પ્રધાન દેશના આર્થિક વિકાસમાં ખેતી અને ખેડૂત બંને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે દેશના ખૂણે-ખૂણેથી અનેક ખેત ઉત્પાદનોનો વિશ્વના વિકસિત દેશોમાં નિકાસ થઈ રહ્યો છે. કૃષિ ઉત્પાદનોના નિકાસમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ત્યારે હવે ગુજરાતની પ્રખ્યાત કેસર કેરીની વિદેશમાં બોલબાલાને પગલે બે લાખ કિ.ગ્રા.થી વધુ કેસર કેરીનું ઈ-રેડિયેશન કરી વિદેશ નિકાસ કરવામાં સફળતા મળી છે. આ અંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતનો કપાસ, મગફળી અને ફળો સહિતની ખેત પેદાશોનો અન્ય દેશોમાં નિકાસ થઈ રહ્યો છે. ગુજરાતના ધરતીપુત્રો જાતે જ તેમની ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખેત પેદાશો નિકાસ કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર વિવિધ માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. અમદાવાદ નજીક બાવળા ખાતે રાજ્ય સરકારે સ્થાપેલી ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ દ્વારા પ્રથમ સિઝનમાં જ બે લાખ કિલોગ્રામથી વધુ કેસર કેરીનું ઈ-રેડિયેશન કરી તેનો નિકાસ કરવામાં આવ્યો છે. મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના કૃષિ વિભાગ હસ્તકની ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ રૂ.૨૦ કરોડના ખર્ચે આ રેડિયેશન પ્રોસેસિંગ યુનિટની સ્થાપના કરવામાં આવી હતી. આ યુનિટને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર તેમજ બોર્ડ ઓફ રેડિયેશન એન્ડ આઈસોટોપ ટેક્નોલોજીના માર્ગદર્શન અને ટેક્નિકલ સમર્થન હેઠળ તૈયાર કરાયું છે. વર્ષ ૨૦૨૨માં યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર-એનિમલ એન્ડ પ્લાન્ટ હેલ્થ ઈન્સ્પેક્શન સર્વિસ **(USDA-APHIS)** દ્વારા મંજૂરી મળતા આ યુનિટ ગુજરાતનું સૌપ્રથમ અને દેશનું ચોથું **USDA-APHIS** સર્ટિફાઈડ ઈ-રેડિયેશન યુનિટ બન્યું છે. આ મંજૂરી મળ્યા બાદ ગુજરાતમાં કેરી અને દાડમ પકવતા ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે તેવી લાગણી મંત્રીએ



વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ઈરેડિયેશન યુનિટને **USDAAPHIS**ની મંજૂરી મળ્યા બાદ રાજય સરકારના સતત પ્રયત્નોના પરિણામે પ્રથમ ઉનાળાની સિઝનમાં દરમ્યાન બે લાખ કિલોથી વધુ કેસર કેરીનું આ યુનિટ દ્વારા ઈ-રેડિયેશન કરી તેનો અમેરિકા અને દક્ષિણ આફ્રિકા સહિતના દેશોમાં નિકાસ કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે, અગાઉ કેરી જેવા ફળોનો નિકાસ કરવા માટે ગુજરાતના ખેડૂતોએ મુંબઈ જઈ ફળોનું ગામા ઈ-રેડિયેશન કરાવવું પડતું હતું. જેના પરિણામે ફળોનો બગાડ અને પરિવહન ખર્ચમાં વધારો થતો હતો. હવે આ યુનિટ કાર્યરત થવાથી ખેડૂતો અમદાવાદ બાવળા ખાતે જ ફળોનું ગામા ઈ-રેડિયેશન કરાવી નિકાસ કરી તેમના પાકનો ઉત્તમ ભાવ મેળવતા થયા છે. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા અમદાવાદ એક જ જિલ્લામાં કેરીની નિકાસ માટે જરૂરી એવા ગામા ઈ-રેડિયેશન યુનિટ, ઈન્ટિગ્રેટેડ પેક હાઉસ અને પેરીશેબલ એર કાર્ગો કોમ્પ્લેક્ષ સહિતની ત્રણેય મુખ્ય માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. હવે આ ત્રણેય સુવિધાઓના સંયોજિત ઉપયોગથી કેરી અને દાડમની ગુણવત્તાની જાણવણી, બગાડનો અટકાવ તથા પરિવહન ખર્ચમાં પણ ઘટાડો થતાં ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળવાનો શરૂ થયો છે.

# ભારતમાં સેમિકન્ડક્ટરનું મેન્યુફેક્ચરિંગ અર્થવ્યવસ્થાનું સંપૂર્ણ ચિત્ર બદલી નાખશે; આવતા વર્ષે દેશમાં 'મેડ ઈન ઈન્ડિયા' ચિપ આવી જશે

(એજન્સી) તા.૩૦

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ગુજરાતમાં અમેરિકન કંપની માઈક્રોનના સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં આવતા વર્ષે ડિસેમ્બરથી ચિપનું ઉત્પાદન શરૂ થશે. વૈષ્ણવે માહિતી આપી હતી કે અમેરિકન કંપની એપ્લાઈડ મટિરિયલ્સ માઈક્રોન સાથે મળીને સેમિકન્ડક્ટર ઉપકરણોમાં વપરાતા ભાગોને વિકસાવવા માટે બેંગ્લોરમાં એક એન્જિનિયરિંગ સેન્ટર સ્થાપવા જઈ રહી છે. તેમણે કહ્યું કે દેશમાં સેમિકન્ડક્ટરના ઉત્પાદનથી અર્થતંત્રનું ચિત્ર બદલાશે. ટેલિકોમ, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ગુજરાતમાં અમેરિકન કંપની માઈક્રોનના સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં આવતા વર્ષે ડિસેમ્બરથી ચિપનું ઉત્પાદન શરૂ થશે. તેમણે કહ્યું કે દેશમાં સેમિકન્ડક્ટર્સનું ઉત્પાદન અર્થતંત્રનું ચિત્ર બદલી નાખશે કારણ કે સેમિકન્ડક્ટર ઉદ્યોગ એ સ્ટીલ અને રસાયણો જેવો મૂળભૂત ઉદ્યોગ છે જે ઘણા ક્ષેત્રોની જરૂરિયાતો પૂરી કરે છે. આ ઉપરાંત, ૨૦૦થી વધુ કંપનીઓ ભારતમાં રોકાણ કરવા આવી રહી છે. ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, ટીવી, ફ્રિજ, સ્માર્ટફોન, ઈલેક્ટ્રીક વ્હીકલ અને ડિફેન્સ સેક્ટર જેવી ઉપભોક્તા ચીજવસ્તુઓને સેમિકન્ડક્ટરના ઉત્પાદનથી ઘણો ફાયદો થશે અને નવી નોકરીઓનું સર્જન થશે. આ તમામ ક્ષેત્રોને મોટી સંખ્યામાં ચિપ્સની જરૂર છે. એવું માનવામાં આવે છે કે સેમિકન્ડક્ટર પ્લાન્ટ માટે માઈક્રોન ટેકનોલોજીની જાહેરાત પછી, તેમની સપ્લાય ચેઈન સાથે સંબંધિત ૨૦૦થી વધુ નાની કંપનીઓ ભારતમાં રોકાણ કરવા આવી રહી છે. માઈક્રોનની સાથે અન્ય ઘણી કંપનીઓ ભારતમાં આવી શકે છે. તેમાં મુખ્યત્વે ગેસ અને કેમિકલ સંબંધિત કંપનીઓ હશે. તેમણે કહ્યું કે આગામી એક વર્ષમાં માઈક્રોનની જેમ ૪-૫ વધુ ચિપ બનાવતી કંપનીઓ પણ ભારતમાં રોકાણ કરી શકે છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે માઈક્રોનની સાથે અમેરિકન કંપની એપ્લાઈડ મટિરિયલ્સ સેમિકન્ડક્ટર ડિવાઈસમાં ઉપયોગમાં લેવાતા પાર્ટ્સ ડેવલપ કરવા માટે બેંગ્લોરમાં એન્જિનિયરિંગ સેન્ટરની સ્થાપના કરી રહી છે. આ કંપની આગામી ચાર વર્ષમાં આ કામમાં ૩૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ કેન્દ્રમાં સેમીકન્ડક્ટર ઉદ્યોગ સાથે સંબંધિત પ્રતિભાઓને શિક્ષણ આપવાનું કામ પણ કરવામાં આવશે. આગામી ૧૦ વર્ષમાં ૬૦,૦૦૦ લોકોને તાલીમ આપવામાં આવશે. તેમણે કહ્યું કે આ સિવાય લેમ રિસર્ચ આ વર્ષે ઓગસ્ટથી સેમિકન્ડક્ટર સાથે સંકળાયેલા લોકોને તેના સેમિવર્સ સોલ્યુશન સાથે તાલીમ આપવાનું શરૂ કરવા જઈ રહ્યું છે. લેમ રિસર્ચ આગામી ૧૦ વર્ષમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં ૬૦,૦૦૦ લોકોને તાલીમ આપશે. ચિપ્સનું ઉત્પાદન વિશ્વના અમુક દેશોમાં જ થાય છે અને ભારતમાં આ ઉત્પાદન શરૂ થવાથી ઓટોમોબાઈલ, સ્માર્ટફોન, લેપટોપ બનાવતી કંપનીઓએ ચિપ્સના અભાવે તેમનું ઉત્પાદન બંધ કરવું પડશે નહીં. ભારતમાં નિર્મિત ચિપ્સની ઉપલબ્ધતા સાથે, તેમની કિંમત પણ ઓછી થશે. હાલમાં, વિશ્વમાં સેમિકન્ડક્ટર માર્કેટ **$650** બિલિયનનું છે, જે આગામી છ- સાત વર્ષમાં એક ટ્રિલિયન ડૉલરનું થઈ જશે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુએસ મુલાકાત દરમ્યાન ટેકનોલોજી ક્ષેત્રે ભાગીદારીને મોટી ઉપલબ્ધિ ગણાવી હતી. તેમણે કહ્યું કે માઈક્રોન, એપ્લાઈડ મટીરીયલ્સ અને લેમ રિસર્ચ જેવી કંપનીઓની આ જાહેરાતો આવનારા દિવસોમાં સીધી રીતે ૮૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ નવી નોકરીઓનું સર્જન કરશે અને પુરવઠા શૃંખલામાં કેટલી પરોક્ષ નોકરીઓનું સર્જન થશે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. તેમણે કહ્યું કે આ જાહેરાત સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય અત્યાધુનિક ટેકનોલોજીમાં ઉદ્યોગસાહસિકતા, સ્ટાર્ટઅપ અને રોકાણ માટે ઘણી તકો ખોલશે. દોઢ વર્ષ પહેલા, ભારતમાં સેમિકન્ડક્ટરના ઉત્પાદન માટે મિશન સેમિકન્ડક્ટરની જાહેરાત કરવામાં આવી હતી, જેના અંતર્ગત સેમિકન્ડક્ટર કંપનીઓને ભારતમાં લાવવા માટે રૂ.૭૬,૦૦૦ કરોડના પ્રોત્સાહનની જાહેરાત કરવામાં આવી હતી.

# રાજયમાં ટામેટા-આદુના ભાવ આસમાને ટામેટા ૧૦૦થી ૧૨૦ જયારે આદુ ૨૦૦-૨૫૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે

સુરત, તા.૩૦

રાજયના અનેક શહેરોમાં પાછલા કેટલાક દિવસથી ટામેટાના ભાવો આસમાને પહોંચ્યા છે. શહેરના છૂટક શાકભાજી માર્કેટમાં કિલો ટામેટાનો ભાવ આજે ૧૦૦થી ૧૨૦ રૂપિયા અને કિલો આદુનો ભાવ ૨૦૦થી ૨૫૦ રૂપિયા રહ્યો હતો. હાલની ચોમાસાની સિઝનમાં ટામેટા, લસણ અને આદુની મહત્તમ ખપત થાય છે. આ સિવાય પણ આદુ ટામેટાંનો દરેક ઘર અને રેસ્ટોરન્ટમાં રોજિંદો વપરાશ રહેતા હોવાથી પણ ભાવમાં વધારો નોંધાયો હોવાનું જાણવા મળે છે. આ ભાવવધારા પાછળના મુખ્ય કારણ એ ધ્યાને આવ્યું છે કે જે સિઝનમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતાં નથી, એ પછીની સિઝનમાં ખેડૂતોએ શાકભાજીના ઉત્પાદનથી દૂર ભાગે છે. હવે ગુજરાતમાં ગત સિઝનમાં ટામેટાનો મબલખ પાક થયો હતો પણ ખેડૂતોને પડતર કિંમત પણ નહીં મળતાં બનાસકાંઠા, મહેસાણા સહિતના જિલ્લાના ખેડૂતોએ ટામેટાના પાક ઉપર ટ્રેકટર ફેરવી ખાતર તરીકે ઉપયોગ કર્યો હતો. સુરત એપીએમસીમાં ૧૫ દિવસ પહેલા ટામેટાનો ૨૦ કિલોનો ભાવ હોલસેલમાં ૧૫૦થી ૨૦૦ હતો, મંગળવારે ૮૦૦થી ૧૨૦૦ રૂપિયાના સોદા થયા હતા. એને લીધે ક્વોલિટી વાઈઝ ટામેટા છૂટક બજારમાં ૮૦, ૧૦૦, ૧૨૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યાં છે. એવી જ રીતે આદુનો ૨૦ કિલોનો હોલસેલનો ભાવ ૨૫૦૦થી



૩૦૦૦ રૂપિયા બોલાતા છૂટકમાં આદુ ક્વોલિટી વાઈઝ ૧૨૫થી ૧૫૦ અને ૨૦૦થી ૨૫૦ રૂપિયા રહ્યા છે. ગત સિઝનમાં ખેડૂતોને આ બંને વસ્તુઓના પોષણક્ષમ ભાવો નહીં મળતાં તેમણે નવી સિઝનમાં ટામેટા, આદુનો પાક લીધો નથી. જેમણે પાક લીધો છે, એમાં ૩૦થી ૪૦% પાક ખરાબ થયો છે એટલે સ્વભાવિક રીતે ભાવો હજી વધશે વેપારીઓનું કહેવું છે કે મહારાષ્ટ્રનાં કલવંત, સતાનાથી કર્ણાટકનાં બેંગલુરૂ નજીકના ગામોમાંથી અને આદુ મહારાષ્ટ્રના ઔરંગાબાદ, કન્નડ વિસ્તારમાંથી આવે છે. બેંગલુરૂમાં જ ટામેટાનો હોલસેલનો ૨૦ કિલોનો ભાવ ૮૦૦થી ૧૦૦૦ રૂપિયા ચાલે છે. એટલે કર્ણાટકમાં જ આ માલ વેચાઈ જઈ રહ્યો છે. એને લીધે રાજયની અનેક માર્કેટ યાર્ડમાં માલ ઓછો આવી રહ્યો છે.

# ગુજરાતની રાજયસભાની ત્રણ બેઠકો માટે અટકળો શરૂ : એક રિપીટ તથા બે બદલાઈ શકે

## મંત્રી જયશંકર રિપીટ થઈ શકે : અન્ય બેમાં રૂપાણી-નીતિન પટેલ સહિતના નામોની ચર્ચા શરૂ

ગાંધીનગર, તા.૩૦

કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્યસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. જે મુજબ રાજ્યસભાની ૧૦ બેઠકો માટે આગામી ૨૪ જુલાઈના રોજ ચૂંટણી યોજાશે. રાજ્યસભાની ચૂંટણી માટે ૧૩ જુલાઈએ ફોર્મ ભરવાની અંતિમ તારીખ છે. ત્યારે ગુજરાતમાંથી કોને રિપીટ કરાશે એ ચર્ચા શરૂ થઈ ગઈ છે. ગુજરાતની ત્રણેય બેઠકો ઉપર કોને-કોને રિપીટ કરવામાં આવશે અને કોને પડતા મૂકી દેવામાં આવશે, આ એક મોટો સવાલ ઊભો થતાં તે અંગે અટકળોનું બજાર હમણાંથી ગરમ થયેલ છે. રાજકીય વર્તુળોમાં વિદેશમંત્રી એસ. જયશંકરને ફરી રિપીટ કરાશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ચૂંટણીમાં ભાજપનો દબદબો યથાવત્ રહેશે, કારણ કે, કોંગ્રેસ વિધાનસભામાં નબળી સ્થિતિમાં છે, આવી સ્થિતિમાં ત્રણેય બેઠકો ઉપર ફરીથી ભાજપની જીત નિશ્ચિત છે. બીજી તરફ ભાજપ વિદેશમંત્રી એસ. જયશંકરને ફરીથી રાજ્યસભામાં મોકલશે તો અન્ય બે બેઠકો ઉપર ફેરફાર થઈ શકે છે. રાજ્યસભાના અન્ય બે સભ્યો જેમનો કાર્યકાળ પૂર્ણ થશે તેમાં સાંસદ જુગલજી ઠાકોર અને દિનેશ અનાવડિયા સામેલ છે. આ બંનેની જગ્યાએ પાર્ટી નવા ચહેરાઓ અને પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓને તક આપી શકે તેવી ચર્ચા ચાલી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલને રાજ્યસભામાં મોકલી શકે તેવી પણ ચર્ચા તેજ બની છે. પાર્ટી હાઈકમાન્ડે હાલમાં જ આ બંને નેતાઓને મહત્ત્વની જવાબદારીઓ સોંપી છે. વિજય રૂપાણીને પંજાબની સાથે દિલ્હીની ત્રણ લોકસભા બેઠકોના પ્રભારી બનાવવામાં આવ્યા છે, જ્યારે નીતિનપટેલને ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશની પાંચ લોકસભા બેઠકોના ઈન્ચાર્જનું કામ સોંપવામાં આવ્યું છે. ગુજરાતમાં ગત વર્ષની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જે રીતે ૧૫૬ બેઠકો ઉપર વિજય મેળવ્યો પછી રાજયસભાની ત્રણેય બેઠક ભાજપ સરળતાથી જીતી જશે. ગુજરાતમાં મોદી શાસનની રાજ્યસભામાં કોઈને રિપીટ નહીં કરવાની પ્રણાલી ચાલી આવે છે પણ કદાચ એસ. જયશંકર તેમાં અપવાદ બની શકે અથવા તેઓને તો રાજ્યસભામાં અન્ય રાજ્યના પ્રતિનિધિ બનાવવા હોય તો ભાજપ ગોવા શિફ્ટ કરી શકે છે. ગોવામાં પણ રાજ્યસભાની એક બેઠકની ચૂંટણી યોજાવાની હોઈ ભાજપ તે અંગે નિર્ણય લઈ શકે છે. અન્ય બે સાંસદ દિનેશ વનાવટિયા અને જુગલજી ઠાકારને હવે ચૂંટણી લડવા માટે પસંદ કરાશે નહીં અને આથી આ બે બેઠકો ઉપર કોને પસંદ કરાય છે તેના ઉપર સૌની નજર છે, જેમાં એક નામ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું બહુ આગળ સંભળાઈ રહ્યું છે. તેઓની હાલમાં જ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પ્રશંસા કરી હતી. હાલના બે કેન્દ્રીય મંત્રીઓ પુરૂષોતમ રૂપાલા અને મનસુખ માંડવિયા ખાસ વિકલ્પ રૂપે રાજ્યસભામાં ગયા છે. ગુજરાતમાં હવે 'બે' કોણ લકી તેના ઉપર ભાજપમાં વ્યાપક ચર્ચા શરૂ થઈ જવા પામી છે.

# ધોરણ-૧૦ના નાપાસ વિદ્યાર્થી હવે સ્કૂલમાં બેસી અભ્યાસ કરશે

અમદાવાદ, તા.૩૦

ધો.૧૦મા નાપાસ થયેલા વિદ્યાર્થીઓ હવે સ્કૂલમાં જઈને અભ્યાસ કરી શકશે. અત્યાર સુધી આવા વિદ્યાર્થીઓ ઘરે બેસીને અભ્યાસ કરતા હતા, પરંતુ શિક્ષણ વિભાગે ધો.૧૦મા નાપાસ થયેલા વિદ્યાર્થીઓના પુર્નઃપ્રવેશ અંગે નિર્ણય લીધો છે. જેથી તેઓ સ્કૂલમાં નિયમિત વિદ્યાર્થી સાથે બેસીને ભણી શકશે. જો કે, આવા વિદ્યાર્થીઓને સ્કૂલમાં એક વર્ગમાં મહત્તમ ૧૦ની સંખ્યામાં જ પ્રવેશ મળશે. આવા વિદ્યાર્થીઓ સ્કૂલમાં પુર્નઃ પ્રવેશ મેળવ્યા બાદ બોર્ડની પરીક્ષામાં રિપીટર તરીકે બેસશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિએ નાપાસ વિદ્યાર્થીઓના નિયમિત પ્રવેશને લઈને દરખાસ્ત કરી હતી. આ દરખાસ્ત રાજ્યના શિક્ષણ વિભાગને મોકલવામાં આવી હતી. જેની ઉપર શિક્ષણ વિભાગે નિર્ણય લઈ જોગવાઈમાં ફેરફાર કર્યો છે. અત્યાર સુધી ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયેલો વિદ્યાર્થી ફરી શાળામાં પ્રવેશ મેળવી શકતો ન હતો. તેણે ઘરે બેસીને અભ્યાસ કરી ત્યાર પછીની પરીક્ષા આપવાની રહેતી હતી. જોકે, આ પહેલા બોર્ડ દ્વારા નાપાસ વિદ્યાર્થીઓને નિયમિત વિદ્યાર્થી તરીકે સ્કૂલમાં પ્રવેશની છૂટ આપી હતી. જેથી આ રીતે ફરી નાપાસ વિદ્યાર્થીઓને સ્કૂલમાં પ્રવેશ માટે અનેક રજૂઆતો બાદ નિર્ણય કરાયો છે. શિક્ષણ વિભાગ દ્વારા બોર્ડની જોગવાઈમાં કરવામાં આવેલા ફેરફાર અનુસાર, હવે ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થી નાપાસ થશે તો ત્યારપછીના એક શૈક્ષણિક વર્ષ પૂરતી જિલ્લા શિક્ષણાધિકારીની પૂર્વ પરવાનગીથી શાળામાં પ્રવેશ મેળવી શકશે. જો કે, આ વિદ્યાર્થીએ ધો.૧૦ની પરીક્ષા નિયમિત વિદ્યાર્થી તરીકે જે સ્કૂલમાંથી ફોર્મ ભરીને આપી હોય તે જ સ્કૂલમાં પ્રવેશ મેળવી શકશે, અન્ય શાળામાં પુર્નઃપ્રવેશ મેળવી શકશે નહીં. સ્કૂલોમાં આવા નોંધાયેલા વર્ગ દીઠ મહત્તમ ૧૦ વિદ્યાર્થીઓને જ પ્રવેશ ફાળવી શકાશે. ધો.૧૦માં નાપાસ થયા બાદ સ્કૂલમાં પુર્નઃ પ્રવેશ આપેલા વિદ્યાર્થીઓને ગ્રાન્ટ તેમજ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે વિદ્યાર્થી સંખ્યાની ગણતરીમાં લેવાના રહેશે નહીં તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. ઉપરાંત આ રીતે પુર્નઃ પ્રવેશ આપેલા વિદ્યાર્થીઓના ધો.૧૦ની પરીક્ષાના આવેદનપત્રો ભરવામાં આવે ત્યારે તેમના ફોર્મ નિયમિત તરીકે નહીં પરંતુ રિપીટર તરીકે ભરવાના રહેશે. આમ, આ વિદ્યાર્થીઓ સ્કૂલમાં અભ્યાસ તો કરી શકશે, પરંતુ ફોર્મ રિપીટર તરીકે જ ભરાશે.

# લિવરના રોગોને કારણે અંદાજે ૨૦ લાખ લોકો મૃત્યુ પામે છે

## એક રીતે લિવરને શરીરનું પાવરહાઉસ કહેવું પણ કંઈ ખોટું નથી, એવામાં લિવરનું સ્વાસ્થ્ય જાળવવું પણ ખૂબ જરૂરી છે

નવી દિલ્હી, તા.૩૦

લીવર આપણાં શરીરનું મહત્વનુ અંગ કહી શકાય છે. આપણી રોજબરોજની પ્રવૃત્તિઓ આપણે સારી રીતે પૂર્ણ કરી શકીએ તેની ખાતરી કરવાનું કામ પણ લીવરનું જ છે. લીવર લોહીમાંથી ઝેરી તત્વોને દૂર કરવાથી લઈને ખોરાકને યોગ્ય રીતે પચાવવાનું કામ કરે છે. તે ચયાપચયથી આખા શરીરના કાર્યને સંતુલિત કરે છે. લીવરમાં સહેજ પણ ગરબડ આખા શરીર ઉપર અસર કરે છે. ડિટોક્સિફિકેશન, મેટાબોલિઝમ, પ્રોટિન સિન્થેસિસ વગેરે સાથે લીવર કુલ ૫૦૦થી વધુ કાર્યો શરીરમાં કરતું હોય છે. એક રીતે લીવરને શરીરનું પાવરહાઉસ કહેવું પણ કંઈ ખોટું નથી. એવામાં લીવરનું સ્વાસ્થ જાળવવું પણ ખૂબ જરૂરી છે. વૈશ્વિક સ્તરે લીવરના રોગોને કારણે અંદાજે ૨ મિલિયન લોકો મૃત્યુ પામે છે. ભારતમાં પણ આ સ્થિતિ ચિંતાજનક છે. ભારતમાં લગભગ ૫માંથી ૧ વ્યક્તિ લીવરના કોઈને કોઈ રોગ અથવા સમસ્યાથી પીડાતો હોય છે. જો કે ખુશીની વાત એ છે કે મોટા ભાગના લીવરના રોગો અટકાવી શકાય તેવા હોય છે. પોતાની જીવનશૈલીમાં સરળ છતાં અસરકારક ફેરફારોને સ્થાન આપીને આપણે આપણી જાતને લીવરના રોગોથી સુરક્ષિત કરી શકીએ છીએ અને લીવરના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપી શકીએ છીએ. લીવરના સ્વાસ્થ માટે પ્રથમ અને સૌથી નિર્ણાયક પગલાંઓમાંનું એક દારૂ અને આલ્કોહોલના સેવનને પ્રતિબંધિત કરવાનો છે. સ્ત્રીઓ માટે દરરોજ એક ડ્રિંક એટલે કે ૩૦ મિલી હાર્ડ લિકર અને પુરૂષો માટે દરરોજ બે ડ્રીંક એટલે કે ૬૦ મિલી હાર્ડ લિકર સુધી આલ્કોહોલનું સેવન મર્યાદિત કરવાથી લીવરને થતા સંભવિત નુકસાનને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. પહેલેથી જ લીવર રોગથી પીડાતિ હોય તે વ્યક્તિઓને દારૂ અને આલ્કોહોલિક પીણાંનો સંપૂર્ણ ત્યાગ કરવાની સલાહ આપવામાં આવે છે. નોન-આલ્કોહોલિક ફેટી લીવર જેવા રોગ સામે રક્ષણ આપવા માટે શરીરનું સ્વસ્થ અને સપ્રમાણ વજન જાળવી રાખવું પણ મહત્વપૂર્ણ છે. વધુ પડતું વજન કે મેદસ્વીતા અને પેટની ચરબીનું વધુ પ્રમાણ ફેટી લીવરના રોગના જોખમમાં વધારો કરે છે. સ્વસ્થ વજન જાળવવી રાખવા માટે ફળો, શાકભાજી અને હાઈ ફાઈબરવાળા ખોરાકને આહારમાં સામેલ કરી બેલેન્સલ ડાયટ લેવી જરૂરી છે. આ સિવાય તમારે હાઈ કેલરી, ચરબીયુક્ત અને કાર્બોહાઈડ્રેટયુક્ત ખોરાક જેમ કે તેલ, ઘી, ચીઝ, ખાંડવાળી વસ્તુઓ અને મેંદાના લોટથી બનતા ઉત્પાદનોનું સેવન ટાળવું અથવા પ્રમાણસર સેવન કરવું. એક કરતા વધારે પાર્ટનર સાથે અસુરક્ષિત જાતીય સંબંધો અને ગેરકાયદેસર ડ્રગનું સેવન વગેરે પણ વ્યક્તિઓને વાયરલ હિપેટાઈટિસ B અને Cના ચેપથી ગ્રસ્ત કરી શકે છે. આ ટેવોને ટાળીને વાયરલ હિપેટાઈટિસ ટ્રાન્સમિશનના જોખમને ઘટાડી શકાય છે. આ સિવાય હિપેટાઈટિસ B સામે રક્ષણ માટે રસીકરણ અત્યંત અસરકારક છે. હવે હિપેટાઈટિસ A માટે પણ રસી ઉપલબ્ધ છે. વ્યક્તિ યોગ્ય પર્સનલ હાઈજીન જાળવી રાખીને પણ લીવરની સ્વસ્થતા જાળવી રાખી શકે છે. આ બીજું સૌથી મહત્વનું પાસું છે.

# કર્ણાટકમાં દેશનો સૌથી વધુ સોનાનો ૮૮% ભંડાર છે

નવી દિલ્હી, તા.૩૦

ભારત સહિત સમગ્ર વિશ્વમાં સોનું એક મૂલ્યવાન ધાતુ છે અને દર વર્ષે લાખો ટન સોનું કાઢવામાં આવે છે અને વેચવામાં આવે છે. વિશ્વના ઘણા દેશોમાં સોનાની ખાણો છે, જ્યાંથી તેને કાઢવામાં આવે છે. આ દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. પરંતુ શું તમે જાણો છો કે, ભારતમાં સોનાની ખાણો ક્યાં આવેલી છે ? આજે અમે તમને જણાવીશું કે, ભારત સહિત વિશ્વમાં દર વર્ષે કેટલું સોનું કાઢવામાં આવે છે અને કયા દેશમાં સૌથી વધુ સોનું કાઢવામાં આવે છે. ભારતના ઘણા વિસ્તારોમાં ખાણોમાંથી સોનું કાઢવામાં આવે છે. ભારતમાં સોનાની ખાણકામનો લાંબો ઈતિહાસ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર વિશ્વમાં સોનાની ખાણકામની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં લગભગ ૨ લાખ ટન સોનું કાઢવામાં આવ્યું છે. પરંતુ ૨૦૨૦માં સોનાની ખાણનું ઉત્પાદન માત્ર ૧.૬ ટન હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ઘણી જગ્યાએ સોનું મળી આવ્યું છે. જોકે, દેશમાં સૌથી વધુ સોનાનો ભંડાર કર્ણાટકમાં છે. કર્ણાટક પાસે ૮૮% સોનાનો ભંડાર છે. આ સિવાય ૧૨ ટકા સોનાનો ભંડાર આંધ્રપ્રદેશમાં છે જ્યારે (૦.૧ ટનથી ઓછો) ઝારખંડમાં છે. આંધ્ર અને ઝારખંડમાં હીરાબુદ્દિની અને કેન્દ્રુકોચા ખાણોમાંથી સોનું કાઢવામાં આવે છે. કોલાર ગોલ્ડ ફિલ્ડ કર્ણાટકમાં આવેલું છે, જે ૨૦૦૧માં બંધ થઈ ગયું હતું. તેના ૧૨૦ વર્ષના ઈતિહાસમાં આ ખાણમાંથી ૮૦૦ ટનથી વધુ સોનું કાઢવામાં આવ્યું હતું. ભારત દર વર્ષે ૭૭૪ ટન સોનાના વપરાશની સરખામણીએ આ ખાણો દ્વારા લગભગ ૧.૬ ટન સોનાનું ઉત્પાદન કરે છે. તે જ સમયે, સમગ્ર વિશ્વમાં ૩ હજાર ટન સોનું કાઢવામાં આવે છે. સોનાની ખાણકામ એ એન્ટાર્કટિકા સિવાયના દરેક ખંડમાં કામગીરી સાથેનો વૈશ્વિક વ્યવસાય છે, પરંતુ મોટા ભાગનું સોનું ચીનમાં કાઢવામાં આવે છે. ૨૦૨૨માં ચીન વિશ્વનું સૌથી મોટું ઉત્પાદક હતું અને કુલ વૈશ્વિક ઉત્પાદનમાં તેનો હિસ્સો લગભગ ૧૦ ટકા હતો.

## અયોધ્યા રામ મંદિર ઉપર ૧ હજાર સૈનિકો

# અયોધ્યા રામ મંદિર માટે કડક સુરક્ષા વ્યવસ્થા, ડ્રોન દ્વારા પણ મંદિર ઉપર નજર

નવીદિલ્હી,તા.૩૦

અયોધ્યા રામમંદિરનું ઉદ્‌ઘાટન PM મોદી (PM Modi) જાન્યુઆરી ૨૦૨૪માં મંદિરનું કરશે, ત્યારે નવનિર્મિત રામ મંદિર માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ માટે અયોધ્યામાં ઉત્તર પ્રદેશ સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સની આખી બટાલિયન ગોઠવવાની પ્રક્રિયા ચાલી રહી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જ્યારે વડાપ્રધાન મોદી જાન્યુઆરી ૨૦૨૪માં મંદિરનું ઉદ્‌ઘાટન કરશે, ત્યાં સુધીમાં નવી સુરક્ષા કોર્ડન પણ તૈયાર થઈ જશે. ઉત્તર પ્રદેશ સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સની બટાલિયન સાથે વોટર પોલીસનું એક યુનિટ બનાવવાની પ્રક્રિયા પણ છેલ્લા તબક્કામાં છે. અધિકારીઓ દ્વારા તૈયાર કરાયેલા સુરક્ષા કોર્ડન મુજબ મંદિરની સુરક્ષા હાલની સુરક્ષા કરતાં વધુ કડક હશે. બાકીની સુરક્ષા વ્યવસ્થા આકાશમાંથી ડ્રોન દ્વારા, સરયુ નદીમાંથી પાણી પોલીસ દ્વારા અને વિશેષ સુરક્ષા દળો દ્વારા કરવામાં આવશે. આ વિશેષ સુરક્ષા દળની રચના યોગી સરકારે ત્રણ વર્ષ પહેલા મુખ્ય ધાર્મિક સ્થળો, કોર્ટ, મેટ્રોની સુરક્ષા માટે વિશેષ પોલીસ દળની રચના કરી હતી. આ દળની પ્રથમ બટાલિયન લખનૌમાં સ્થાપિત કરવામાં આવી છે. અત્યારે તે અસ્થાયી રૂપે પોલીસ લાઈન્સમાંથી કાર્યરત છે. તેની બે બટાલિયન પણ અનુક્રમે ગોરખપુર અને પ્રયાગરાજમાં સ્થાપવામાં આવી રહી છે. મથુરા અને સહારનપુરમાં પણ બટાલિયન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો તમને જણાવીએ કે, એક બટાલિયન એટલે લગભગ ૧ હજાર સૈનિકો અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને હાલમાં જ અયોધ્યામાં આ વિશેષ દળની બટાલિયનની સ્થાપનાની પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી છે. ત્યાં જમીન અધિગ્રહણ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. બટાલિયનની રચનામાં વધુ સમય લાગી શકે છે, સંભવ છે કે લખનૌની જેમ અયોધ્યા પોલીસ લાઈન્સને સ્થાપિત કરવામાં આવે. જો કે, હાલમાં માત્ર જમીનની ઓળખ કરીને તેના સંપાદનની પ્રક્રિયાને ઝડપી બનાવવાના નિર્દેશો છે. પરંતુ જાન્યુઆરીમાં મંદિરનું ઉદ્‌ઘાટન નક્કી હોવાથી આ દળ જાન્યુઆરી ૨૦૨૪ પહેલા અયોધ્યામાં સ્થાન મેળવી લેશે તે નિશ્ચિત છે. અહીં દેશ-વિદેશથી ભક્તો આવશે. આવી સ્થિતિમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવી પડશે. આ વિશેષ દળને ખાસ અધિકારો પણ આપવામાં આવ્યા છે. આ ફોર્સમાં તૈનાત સુરક્ષાકર્મીઓને વોરંટ વિના કોઈપણની ધરપકડ કરવાનો અધિકાર હશે. ગૃહ વિભાગના સૂત્રોનું કહેવું છે કે આ ફોર્સને અયોધ્યામાં પોલીસ સ્ટેશનનો દરજ્જો પણ આપવામાં આવી શકે છે. સરયૂ નદી મંદિર પરિસરની પાછળ વહે છે, તેથી સરયૂ અયોધ્યા શહેરમાં બે દિશામાંથી વહે છે. આ અંતર લગભગ પાંચ-સાત કિલોમીટર જેટલું છે. અધિકારીઓ મંદિરની સુરક્ષામાં કોઈ ચૂક કરવા માંગતા નથી. આથી જ પાણી પોલીસની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તેમની પાસે મોટરાઈઝ્‌ડ બોટ હશે અને તેના પર તૈનાત જવાનો આધુનિક હથિયારોથી સજ્જ હશે. અયોધ્યામાં સુરક્ષા માટે એક ખાસ પ્રકારનું ડ્રોન પણ તૈનાત કરવામાં આવશે, જે આકાશમાંથી દરેક વસ્તુ પર નજર રાખશે અને કોઈપણ શંકાસ્પદ ગતિવિધિની જાણ કંટ્રોલ રૂમ દ્વારા વિશેષ સુરક્ષા દળને કરવામાં આવશે અને તેના પર કાર્યવાહી કરવામાં સરળતા રહેશે. ગ્રાઉન્ડ સિક્યોરિટી માટે ૨૪ કલાક સુરક્ષા વ્યવસ્થા રહેશે, જે દરેક મુલાકાતીની યોગ્ય શોધ કર્યા પછી જ દર્શન કરી શકશે. સુરક્ષા તપાસ માટે ખાસ સાધનો પણ લગાવવામાં આવશે. મહિલા પોલીસ દળની સંખ્યા પણ પૂરતી સંખ્યામાં તૈનાત કરવામાં આવશે, જેથી કોઈ પણ શ્રદ્ધાળુને કોઈ મુશ્કેલી ન પડે.



## ફિલિપાઈન્સના વિદેશ મંત્રી મનાલો ભારતની ચાર દિવસની યાત્રાએ પહોંચ્યા

# ભારત સાથે ખૂબ જ મજબૂત સંરક્ષણ ભાગીદારી વિકસાવવા માંગે છે : ફિલિપાઈન્સના વિદેશ મંત્રી

નવીદિલ્હી,તા.૩૦

ફિલિપાઈન્સના વિદેશ મંત્રી એનરિક એમનાલો હાલમાં ચાર દિવસની ભારતની મુલાકાતે છે. તેમણે કહ્યું હતું કે ફિલિપાઈન્સ ભારત સાથે ખૂબ જ મજબૂત સંરક્ષણ ભાગીદારી વિકસાવવા માંગે છે અને તે તેની પાસેથી લશ્કરી હાર્ડવેર ખરીદવા માટે ઉત્સુક છે. દક્ષિણ ચીન સાગરમાં ચીનની વધતી સૈન્ય શકિતને લઈને ફિલિપાઈન્સના વિદેશ મંત્રી દ્વારા ભારતને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેમણે કહ્યું કે ફિલિપાઈન્સે દક્ષિણ ચીન સાગરમાં ચીનની હાજરીને વારંવાર પડકારી છે અને તેમ કરવાનું ચાલુ રાખશે. તેમણે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સમાં સંબોધનમાં કહ્યું કે તેની અસર અત્યારે દેખાઈ નહીં શકે પરંતુ ભવિષ્યમાં ચોક્કસપણે જોવા મળશે. મનાલોએ કહ્યું કે ફિલિપાઈન્સના ઈઈઝેડમાં ચીનની હાજરી એ તેમના દેશના ચીન સાથેના સંબંધોમાં મોટો પડકાર છે.વિદેશ પ્રધાન એનરિક એ મનાલોએ ફિલિપાઈન્સને ભારતના મુખ્ય ભાગીદાર તરીકે વર્ણવ્યું હતું અને કહ્યું હતું કે મનીલા દરિયાઈ સુરક્ષા, સાયબર-આતંકવાદ, શિક્ષણ, આરોગ્ય સંભાળ અને આબોહવા તકનીકોના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વિસ્તૃત કરવા માંગે છે. ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સંબંધો વધી રહ્યા છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં, ફિલિપાઈન્સે બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલની ત્રણ બેટરી ખરીદવા માટે ભારત સાથે યુએસડી ૩૭૫ મિલિયનનો સોદો કર્યો હતો. મનાલો ગુરુવારે એસ જયશંકર સાથે વ્યાપક વાટાઘાટો કરશે, જેમાં દ્વિપક્ષીય સંબંધોના



સમગ્ર વિસ્તારને આવરી લેવામાં આવશે. બેઠકમાં, બંને પક્ષો રાજકીય, સંરક્ષણ, સુરક્ષા, શિપિંગ સહયોગ, વેપાર અને રોકાણ, આરોગ્ય અને પર્યટન સહિત દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર સ્તરની સમીક્ષા કરશે. એક નિવેદન અનુસાર, બંને પક્ષો પરસ્પર હિતના ક્ષેત્રીય અને બહુપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરશે. ફિલિપાઈન્સના વિદેશ મંત્રી મનાલો ૪૨મું સપ્રુ હાઉસ લેકચર આપશે. તે ફિલિપાઈન્સની ફોરેન સર્વિસ ઈન્સ્ટિટ્યૂટ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સ વચ્ચેના એમઓયુ હેઠળનો સંયુક્ત પ્રોજેકટ છે.

## ગુજરાતના ૧૪ આદિજાતિ જીલ્લાઓમાં સતત સ્કીનીંગ કરવામાં આવશે

ગાંધીનગર,તા.૩૦

રાષ્ટ્રવ્યાપી સીકલસેલ એનિમિયા નાબૂદી મિશનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમગ્ર દેશને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરશે. રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના મોટાસડા ગામના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આ કાર્યક્રમમાં હાજર રહેશે.આ સાથે જ અંબાજી થી ઉમરગામના આદિવાસી ક્ષેત્રના મુખ્ય ૧૪ જિલ્લાઓના વિવિધ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આ કાર્યક્રમ યોજાશે. જેમાં ગુજરાત સરકારના વિવિધ મંત્રી સ્થાનિક સાંસદ, ધારાસભ્ય, પદાધિકારીઓ તથા તમામ અધિકારીઓ ઓનલાઈન માધ્યમથી આ કાર્યક્રમ જોડાશે. દેશ આઝાદીના સુવર્ણકાળમાં પ્રવેશે એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં સમગ્ર દેશમાંથી સીકલસેલ એનિમિયા નાબૂદીનો લક્ષ્યાંક છે.આ મિશન અંતર્ગત દેશના ૦ થી ૪૦ ની વયના અંદાજીત ૭ કરોડ જેટલા લોકોનું આ અભિયાન અંતર્ગત સ્કીનીંગ કરવામાં આવશે. જેમાં આ સીકલસેલ એનિમિયા ડિટેક્ટ થતા તેઓની સારવાર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજ્યમાં ૧૪ જિલ્લાઓમાં સીકલસેલ એનિમિયા નાબૂદી અભિયાનનો પ્રારંભ થશે.રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં ખાસ કરીને આ મિશન અંતર્ગત વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સીકલસેલ એનિમિયા એ વારસાગત હિમોગ્લોબીનની ખામીને કારણે થતું જોવા મળે છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૬માં સીકલસેલ એનિમિયા નાબૂદી મિશનનો ગુજરાતમાં પ્રારંભ કર્યો હતો. જેના અંતર્ગત રાજ્યમાં ખુબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.ગુજરાતના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં આદિજાતી વસ્તીમાં સીકલસેલ એનિમિયાના નિદાન માટે નિયમિતપણે સ્કીનીંગ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આશરે૯૭લાખ આદિજાતી વસ્તીનું સ્કીનીંગ કરવામાં આવ્યું છે.જેમાંથી ૭.૧૧ લાખ થી વધુ સીકલસેલ ટ્રેઈટ અને ૩૧ હજાર જેટલા સિકલસેલ ડીસીઝ શોધી કાઢીને તેમની સારવાર શરૂ કરવામાં આવી છે.મહત્વની બાબત એ પણ છે કે, વર્ષ ૨૦૦૬થી રાજ્યમાં કાર્યરત સીકલસેલ એનિમિયા નાબૂદી મિશન હેઠળની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૧૧ માં ગુજરાતને પ્રધાનમંત્રી એક્સલએન્સએવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

## ગુજરાત સરકાર અને માઈક્રોન વચ્ચે એમઓયુ ઉપર હસ્તાક્ષર થયા

# ગુજરાતના સાણંદ ખાતે રૂા. ૨૨,૫૧૬ કરોડનો પ્લાન્ટ સ્થપાશે

ગાંધીનગર,તા.૩૦

સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન કરતી અમેરિકન કંપની માઈક્રોને ગુજરાતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. જો માઈક્રોનના ભારતમાં રોકાણ કરવાથી હજારો લોકોને નોકરી મળશે. માઈક્રોન ગુજરાતમાં તેનો પ્લાન્ટ સ્થાપશે. તમને જણાવી દઈએ કે, માઈક્રોન સેમિકન્ડક્ટર ચિપ્સ બનાવતી મોટી કંપનીઓમાંથી એક છે. કંપની ગુજરાતના સાણંદ ખાતે રૂ. ૨૨,૫૧૬ કરોડનો પ્લાન્ટ સ્થાપશે. સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ, માર્કિંગ અને પેકેજિંગ-છ્રૂઁ દ્વારા દેશમાં ૨૦ હજાર લોકો માટે રોજગારની તકો પણ ઊભી થશે.માઈક્રોન સિવાય વેદાંત અને ફોક્સકોન પણ દેશમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ લગાવશે. જેના માટે કંપનીઓએ ફરીથી તેમની રિન્યૂવલ પ્લાન સરકારને મોકલ્યો છે.કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવની હાજરીમાં ગુજરાત સરકાર અને માઈક્રોન વચ્ચે સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેના ઉપર ગુજરાત સરકારના આઈટી સેક્રેટરી વિજય નેહરા અને માઈક્રોનના વરિષ્ઠ ઉપાધ્યક્ષ ગુરશરણસિંહે હસ્તાક્ષર કર્યા હતા. કંપની ભારતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપવા અને અહીં ચિપ મેન્યુફેક્ચરિંગ કરવા માંગે છે. ભારતને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં આત્મનિર્ભર બનાવવા માટે સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામમાં આ એક મોટું પગલું છે.ભારતમાં માઈક્રોનનો સેમિકન્ડક્ટર પ્લાન્ટ ૫,૦૦૦ પ્રત્યક્ષ અને ૧૫,૦૦૦ પરોક્ષ નોકરીઓનું સર્જન કરશે. સાણંદમાં અમેરિકન કંપની દ્વારા બનાવવામાં આવેલી સેમિકન્ડક્ટર ચિપ્સનો ઉપયોગ સમગ્ર ભારતમાં થશે અને વૈશ્વિક સ્તરે તેની નિકાસ પણ કરવામાં આવશે. મળતી માહિતી મુજબ આગામી વર્ષ સુધીમાં દેશને માઈક્રોનની પ્રથમ ચિપ મળી શકે છે. કંપની ૧૮ મહિનામાં દેશની પહેલી ચિપ લોન્ચ કરી શકે છે.માઈક્રોન દ્વારા સેમિકન્ડક્ટર ચિપ્સ બનાવવા માટે ગુજરાતને પસંદ કરવા પાછળ એક મોટું કારણ છે. ગુજરાતમાં મજબૂત મેન્યુફેક્ચરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગ-વ્યવસાય માટે યોગ્ય વાતાવરણ અને રાજ્ય સરકારના સહકાર અને ટેલેન્ટ પૂલને કારણે અમેરિકન કંપનીએ અહીં પ્લાન્ટ સ્થાપવાનું આયોજન કર્યું છે. રાજ્ય સરકારે સેમિકન્ડક્ટર સેકટરમાં બિઝનેસને ગુજરાતમાં આકર્ષવા માટે એક સમર્પિત સંસ્થા ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM)ની રચના કરી છે.

# લોએજના યુવા શિક્ષણવિદ વેજાભાઈ ચાંડેરાના જન્મદિવસે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન

## રક્તદાનકેમ્પ, રાહતદારે થેલેસેમિયા રિપોર્ટ કેમ્પ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૩૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના લોએજ ગામમાં સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી નીલકંઠવર્ણી મહારાજના વસવાટ વાળી પવિત્ર ભૂમી હોવાથી તે પવિત્ર ધાર્મિક સ્થળ માનવામાં આવે છે.ત્યારે હાલ આ પવિત્ર ભૂમિ ધાર્મિક સાથે શિક્ષણ અને સેવાનું ધામ બની છે. યુવા શિક્ષણવિદ વેજાભાઈ ચાંડેરા દ્વારા લોએજ ખાતે ભવ્ય શૈક્ષણિક સંકુલ બનાવી આ વિસ્તારના બાળકોને પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ ઘર આંગણે આપવી છે. સાથે હરેક કુદરતી આપતીના સમયે વંચિતો,ગરીબો અને જરૂરિયાતમંદ પરીવારની પડખે ઊભી આશરાધર્મ નિભાવવામાં ક્યારેય પાછીપાની નહીં કરનાર યુવા શિક્ષણવિદ વેજાભાઈ ચાંડેરાના તારીખ ૧/૭ના રોજ જન્મદિવસ નિમિત્તે શ્રીમતી વી. એમ. ચાંડેરા શૈક્ષણિક સંકુલ ખાતે રક્તદાન કેમ્પ, રાહતદારે થેલેસેમિયા રિપોર્ટ કેમ્પ અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરી વિદ્યાર્થીઓ અને લોહીની જરૂરિયાત વાળા બાળકોને મદદરૂપ થવાનો સેવારૂપી પ્રયત્ન થઈ રહ્યો છે. ત્યારે આવા યુવા શિક્ષણવિદને પરમાત્મા નિરોગી દીર્ઘાયુ આપે અને સત્તત લોકોને મદદરૂપ થતા રહે તેવી પ્રાર્થના સાથે જન્મદિવસની શુભકામના.

# ગીર સોમનાથ જીલ્લા મહિલા સુરક્ષા સમિતિમાં અગ્રણીની નિમણુંક

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩૦

ગીર સોમનાથ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક મળેલ હતી જેમાં નાયબ પોલીસ અધિક્ષક એમ.યુ.મસી દ્વારા જિલ્લા મહિલા સુરક્ષા સમિતિની રચના કરાયેલ હતી. જેમાં માછીમાર સમાજના અગ્રણી દેવીબેન ગોહેલની નિમણુંક થયેલ છે. જીલ્લાની દરેક મહિલાઓને જાગૃત થવા એક સંદેશ આપેલ છે અને મહિલા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ કાર્યરત છે. દરેક સમાજમાંથી મહિલાઓ અને



વિવિધ સંસ્થાઓ દ્વારા આ નિમણુંકને આવકારેલ છે. દરેક મહિલાઓને નીડરતાથી દરેક ક્ષેત્રમાં દેશનું નામ વધારવા એક યાદીમાં જણાવેલ છે.

# જીવનમાં ગુરૂજીનું મહત્વ




આપણાં શાસ્ત્રો તથા પુરાણોમાં ગુરૂજીની ભકિત તથા શક્તિ વિષે વિસ્તૃત છણાવટ કરેલી છે. આપણાં દરેક શાસ્ત્રોમાં ગુરૂનો મહિમા અનન્ય રીતે બતાવેલ છે. જેમ કોઈ ઓફિસમાં આપણે મોટા અધિકારીને મળવા જવું હોય તો, સૌ પ્રથમ આપણે તેના સેક્રેટરી કે આસિસ્ટન્ટને મળવું પડે છે એવી જ રીતે પ્રભુને પામવા હોય તો ગુરૂજીના શરણે જવું જ પડે છે અને ગુરૂ જ પોતાના જ્ઞાન થકી શિષ્યને પ્રભુ પાસે પહોંચવાનો માર્ગ બતાવે છે જેમ આશરે સાસરે જઈ શકાતું નથી, તેવી જ રીતે ગુરૂજીના માધ્યમ વિના ઈશ્વરના દરબાર સુંધી પહોંચી શકાતું નથી. સાચો ગુરૂ જ પોતાના શિષ્યનો પથદર્શક અને માર્ગદર્શક બને છે.કહેવાય છે કે ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરૂઓ કર્યા હતા અને તે તમામ પાસેથી અવનવું જ્ઞાનપ્રાપ્ત કર્યું હતું.અકબરના દરબારના રત્ન સમાન તાનસેનજીએ હરિદાસ સ્વામીને પોતાના ગુરૂ માન્યા હતા. શિવાજી મહારાજે સમર્થ રામદાસ સ્વામીને પોતાના ગુરૂ પદે સ્થાપ્યા હતા. ગુરૂ દ્રૌણાચાર્ય કૌરવો અને પાડવોના ગુરૂ હતા. ઋષિ વશિષ્ઠ રામચંદ્રના ગુરૂજી હતા તો સાંદિપની ઋષિ ભગવાન શ્રીકૃષ્ણ તથા સુદામાના ગુરૂ હતા આમ આપણે ઈતિહાસ તપાસીશું તો સમગ્ર ઠેકાણે આપણને ગુરૂનો ઉલ્લેખ જરૂરથી જોવા મળશે જેમ વાડની સહાયતા વિના વેલો ચઢાવવો મુશ્કેલ છે એ રીતે ગુરૂજીના માધ્યમ અને સાંનિધ્ય વગર આગળ વધવું અઘરૂં હોય છે. ગુરૂ શિષ્યનો નાતો (સંબંધ) એટલો મજબૂત હોય છે કે, એના માટે ગુજરાતી ભાષાના કવિ અખા ભગતે પોતાના એક છપ્પામાં લખ્યું છે કે,

" ગુરૂ શિષ્યની તો એવી વાત, જેમ શુદ્ધ પારસને સઘળી વાત,
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઈ નિમડે".

અખા ભગતનો કહેવાનો ભાવાર્થ એ છે કે, ગમે તેવું કાચું લોખંડ હોય, પરંતુ તે સાચા પારસમણિના સંપર્કમાં આવવાથી શુદ્ધ સોનામાં પરિવર્તિત થઈ જાય છે તેવી જ રીતે કોઈ અબુધ શિષ્ય પણ જો સાચા અને સારા ગુરૂજીના સંપર્કમાં આવે તો તે પણ બદલાઈને પરમહંસ કોટિ સુધી પહોંચી શકે છે. કબીરદાસજી પણ તેમના એક દોહામાં, આ વાત રજૂ કરતાં કહે છે કે " ગુરૂ ગોવિંદ દોનું ખડે,કાકે લાગૂ પાય, બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દીયો બતાય". અર્થાત ગુરૂજી તથા ખુદ ઈશ્વર બેઉ એક સાથે ઉભા હોય, તેમ છતાં સાચો શિષ્ય તો ગુરૂજીને આદર આપી પ્રણામ કરશે અને ત્યારબાદ જ ગુરૂજી પોતે શિષ્યને પ્રભુના શરણમાં લઈ જશે.

ગુરૂજી પોતાના શિષ્યના અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી તેના અંધકારમય જીવનમાં પ્રકાશ ફેલાવે છે. તો અન્ય એક કવિ કહે છે કે "બીન ગુરૂ જ્ઞાન કહાં સે પાઉં, દીજો દાન હરિ ગુન ગાઉં," મતલબ કે, હે ગુરૂદેવ તમારી મદદ વગર, હું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કરી શકું ? મને એવું દાન આપો કે જેના થકી, હું ભગવાનનાં ગુણગાન ગાતો રહું. ઈતિહાસમાં એકલવ્યની ગુરૂભકિત અમર બની ગઈ છે, કારણકે દ્રોણાચાર્યે એકલવ્યને પ્રત્યક્ષ ધનુર્વિદ્યા શીખવી ન હતી, પરંતુ એકલવ્યએ ગુરૂ દ્રોણની માટીની પ્રતિમા બનાવી, માટીની મૂર્તિની અંદર સાક્ષાત ગુરૂજી બિરાજમાન છે એવી અતૂટ શ્રદ્ધા થકી પોતાની મેળે જ જાણે મૂર્તિમાં રહેલાં ગુરૂજી પ્રેરણા આપતાં હોય તેમ ધનુર્વિદ્યામાં મહારથ હાંસિલ કરી હતી, છતાં પણ ગુરુદક્ષિણા આપવાના ભાગરૂપે, પોતાના જમણા હાથનો અંગૂઠો એકજ ઝાટકે કાપીને, પોતાના ગુરૂજીને અર્પણ કર્યો હતો.

ઉપરની બાબત સમજીને દરેક શિષ્યે પોતાના ગુરૂજીનો આદર સત્કાર કરવો જોઈએ તથા એમની સેવા ચાકરી કરવી જોઈએ. શિક્ષક અને વિદ્યાર્થીનો નાતો પણ આવા જ પ્રકારનો હોય છે. સારો શિક્ષક ગમે તેવા અબુધ બાળકને પણ ગુણકારી અને સંસ્કારી બનાવી શકે છે.

- આલેખન : યોગેશભાઈ આર જોશી (હાલોલ)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ
(ગુજરાત સરકાર)







**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય વડાપ્રધાન, ભારત

**શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

# ગુજરાત કરે છે માઈક્રોન ટેકનોલોજી કંપનીનું સ્વાગત

ગુજરાત સરકારે સાણંદમાં સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ ફેસિલિટી માટે માઈક્રોન ટેક્નોલોજી કંપની સાથે સમજૂતી કરાર (MoU) કર્યા છે, જે ભારતનું સૌપ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર મેમરી એસેમ્બલી અને ટેસ્ટ યુનિટ બનશે. આ કરાર દેશમાં એક નવા ઔદ્યોગિક યુગની શરૂઆત કરશે. જે ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વિશાળ ફલક ઉપર પહોંચાડવા માનનીય વડાપ્રધાનશ્રીની આગેવાની હેઠળની ભારત સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

"આ કરાર એક નિર્ણાયક મજબૂત જોડાણ સાબિત થશે અને દેશની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને વેગ મળશે."

**શ્રી અશ્વિની વૈષ્ણવ**
માનનીય કેન્દ્રીય મંત્રી
રેલ્વે, સંચાર, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી

**ગુજરાત ભારતનું એકમાત્ર એવું રાજ્ય છે જે સેમિકન્ડક્ટર સેક્ટર માટે વિશેષ પોલિસી ધરાવે છે.**

**નવીન માઈક્રોન ક્ષેત્રે પ્રત્યક્ષ ૫૦૦૦થી વધુ રોજગારી તેમજ ૧૫૦૦૦થી વધુ પરોક્ષ રોજગારીનું થશે સર્જન**

**કુલ પ્રોજેક્ટ ખર્ચ**
**રૂ. ૨૨,૫૧૬ કરોડ (US $ ૨.૭૫ બિલિયન)**

## માઈક્રોન ટેકનોલોજી કંપની

- વિશ્વની સૌથી મોટી સેમિકન્ડક્ટર કંપનીઓ પૈકીની એક
- બોઈસ, ઈડાહોમાં મુખ્ય મથક
- મોબાઈલ, પીસી, ડેટા સેન્ટર માટે અત્યાધુનિક મેમરી સ્ટોરેજ સોલ્યુશન્સમાં નિપુણતા

## માઈક્રોન ટેકનોલોજીએ આ વિશેષતાઓને ધ્યાને લઈ કરી ગુજરાતની પસંદગી

- વ્યવસાય માટે અનુકૂળ વાતાવરણ
- જીઆઈડીસીનું અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર
- કુશળ માનવબળની વિશાળ ઉપલબ્ધિ
- નીતિ નિર્ધારણમાં ચોકસતા અને પારદર્શિતા

## સાણંદમાં ATMP પ્લાન્ટ

- સાણંદમાં માઈક્રોનની ATMP (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) સુવિધા સિલિકોન વેફર્સને બોલ ગ્રીડ એરે (BGA) ઈન્ટિગ્રેટેડ સર્કિટ પેકેજિસ, મેમરી મોડ્યુલ્સ અને સોલિડ-સ્ટેટ ડ્રાઈવ્સમાં રૂપાંતરિત કરશે.

## આ પ્રોજેક્ટ પ્રોત્સાહન આપશે

- સેમિકન્ડક્ટર ક્ષેત્રના સમગ્ર ઈકોસિસ્ટમ જેવા કે વિશેષ રસાયણ, ગેસ, સાધન-સામગ્રી અને સોફ્ટવેર ક્ષેત્રે થશે વિકાસ
- ભારતના સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરના ઉદ્યોગપતિઓને રોકાણ માટે કરશે આકર્ષિત
- ભારતના યુવાનો માટે આ ક્ષેત્રમાં વ્યાપક પ્રમાણમાં કુશળ રોજગારીનું થશે નવસર્જન

**આત્મનિર્ભર ગુજરાત, આત્મનિર્ભર ભારત**

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ
બ્લોક નં.૭, ૫મો માળ, નવું સચિવાલય,
ગાંધીનગર, ગુજરાત ૩૮૨૦૧૦

૦૭૯-૨૩૨૫૯૯૯૯
secdst@gujarat.gov.in | md gsem@gujarat.gov.in
www.dst.gujarat.gov.in

GSEM | Micron

